સુવિચાર

દુનિયામાં ભલા બનવું અને બીજાનું ભલું કરવું એ સૌથી કઠિન કામ છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૦૨/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ મહા સુદ-૮ વર્ષ : ૧૫ અંક : ૦૫૭



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


## સરકાર દ્વારા પડતર માંગણીઓ સ્વીકારવામાં ઠાગાઠૈયા કરાતા હોવાથી

# અમરેલી જિલ્લામાં આંગણવાડી વર્કરોમાં રોષની આંધી

**કાળઝાળ મોંઘવારીનાં માહોલમાં અપુરતા વેતનથી આંગણવાડી વર્કરોને ઘરનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું**

**સરકાર મહિનાઓથી આશ્વાસન જ આપ્યા કરતી હોય આંગણવાડી વર્કરોની ધીરજ ખૂટી**

**નાની-મોટી સેંકડો માંગોને લઈને સરકાર ગંભીરતા દાખવતી ન હોય નારાજગી વધે તે પણ સ્વાભાવિક**

**સાવરકુંડલા, બગસરા, લીલીયા સહિત ઠેકઠેકાણે મામલતદાર સહિતનાં અધિકારીઓને આવેદનપત્ર પાઠવાયા**


તસ્વીર : સમીર વિરાણી–બગસરા, પ્રતાપભાઈ ખુમાણ–સાવરકુંડલા

અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લામાં આજે સાવરકુંડલા, લીલીયા, બગસરા સહિત ઠેકઠેકાણે આંગણવાડી વર્કરોએ ઉચ્ચ અધિકારીઓને આવેદનપત્ર પાઠવીને વેતન અને સુવિધા વધારવાની માંગ કરીને જો વ્યાજબી માંગ સ્વીકારવામાં ન આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપી હતી.

**બગસરા**

બગસરામાં આંગણવાડીની બહેનો દ્વારા સીડીપીઓને પોતાને પડતર માંગણી માટે સરકાર સામે અવાજ પહોંચાડવા આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું અને બે દિવસ માટે માશ સીએલ પર ઉતરીને વિરોધ વ્યકત કરેલ હતો. ત્યાર બાદ તમામ મહિલાઓ દ્વારા ત્યાં ધરણા પણ કરવામાં આવ્યા હતા અને રેલી પણ કાઢી. હમારી માંગે પૂરી કારોના નારા લગાવ્યા હતા. ગુજરાત સરકાર દ્વારા આંગણવાડી તેમજ આશાવર્કર ફેસિલિયેટર દ્વારા પોતાની માંગણી રજૂ કરેલ હોવા છતાં ગુજરાત સરકાર દ્વારા આ પ્રશ્નોનું નિરાકરણ માટે કોઈપણ પ્રકારની બેઠક યોજેલ નથી. જેને લઈને આજે બગસરા પંથકમાં આંગણવાડી તેમજ આશાવર્કર મહિલાઓ દ્વારા આજે આવેદનપત્ર આપવામાં આવેલ

**અનુસંધાન પાના ૬ ઉપર**

## નંદીગ્રામ સોસાયટી વિસ્તારની ઘટના

# સા.કુંડલાનાં આધેડે જીંદગીથી કંટાળીને ઝેરી દવા પી લેતાં સારવાર દરમ્યાન મોત

**એકલવાયુ જીવન પસાર કરવું મુશ્કેલ બન્યુ**

અમરેલી, તા. ૧૬

સાવરકુંડલાના જેસર રોડ ઉપર આવેલ નંદીગ્રામ સોસાયટીમાં રહેતા જયસુખભાઈ મોહનભાઈ બુહા નામનાં ૫૦ વર્ષિય આધેડના લગ્ન થયેલ ન હોય, અને કામ ધંધો પણ, કરી શકતા ન હોય અને આગળ પાછળ કોઈ હોય નહી, જેથી જીંદગીથી કંટાળી જઈ ગત તા.૧૪ ના રોજ સાંજે ૫/૧૫ વાગ્યા દરમ્યાન સાવરકુંડલા ગામે જેસર રોડ, નંદીગ્રામ સોસાયટીમાં પોતાની જાતે ઝેરી દવાના ટીકડા પી લેતા અમરેલી સિવિલ હોસ્પીટલમાં સારવાર માટે ખસેડાયેલ જયાં તેમનું સારવાર દરમ્યાન મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## સરદાર પટેલની ૫ હજાર પ્રતિમાનાં વિતરણનાં લક્ષ્ય સાથે આગળ વધતાં

# ચમારડીનાં વતની અને સરદારપ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અભિનંદન પાઠવ્યા

**જસદણ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ શુભેચ્છા પાઠવી**




અમરેલી, તા. ૧૬

બાબરાનાં ચમારડીનાં વતની, સમુહલગ્નનાં પ્રણેતા, સુરત સ્થિત ભામાશા અને સરદાર પટેલની ૫૦૦ જેટલી પ્રતિમાઓનું જુદા–જુદા સ્થળોએ સ્થાપના કરવામાં સફળ રહ્યા બાદ આગામી દિવસોમાં ૫ હજાર પ્રતિમાનું સ્થાપન કરવાનાં લક્ષ્ય સાથે આગળ વધતાં ગોપાલભાઈ વસ્તપરાને આજે જસદણ ખાતે રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.

સરદારપ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાનાં કાર્યો અંગે ભાજપ અગ્રણી ડો. ભરત બોઘરાએ મુખ્યમંત્રીને પરિચય કરાવ્યો હતો અને મુખ્યમંત્રી સરદારપ્રેમીનાં કાર્યોથી પ્રભાવિત થયા હતા.













## અમરેલીનાં પૂર્વ સાંસદ વિરજી ઠુંમરનાં મોદી સરકાર પર શાબ્દિક પ્રહારો

# સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની કથની અને કરણીનો પર્દાફાશ કરી દીધો

### દેશમાં ગોદી મીડિયા પર વીજળી પડી હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે

### રાહુલ ગાંધીએ પાંચ વર્ષ પહેલા ઈલેક્ટ્રોલ બોન્ડ વિશે જે કહ્યું તે બધુ જ સાચું સાબિત થયું

### એક મહિના બાદ સમગ્ર દેશવાસીઓને પણ જાણકારી મળી જશે કે કયાં ઉધોગપતીએ કયા પક્ષ માટે તિજોરી ખુલી મુકી છે

### દેશવાસીઓને રાજકીય પક્ષોને મળતાં ફંડની માહિતી મળે તે માટે સુપ્રીમ કોર્ટનું પ્રસંશનીય જજમેન્ટ

અમરેલી, તા. ૧૬



અમરેલીનાં પૂર્વ સાંસદ/ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરે આજરોજ અત્રે એક પ્રેસ નિવેદનમાં જણાવ્યું છે કે, વિપક્ષને આર્થિક રીતે બીમાર પાડી, સત્તાપક્ષે આર્થિક રીતે મહાકાય બનીને લોકતંત્રની મશ્કરી કરી હતી. વડાપ્રધાને નિયમો/ કાયદાઓને એક બાજુએ મુકીને ગેરબંધારણીય રીતે ઈલેકટ્રોલ બોન્ડની સ્કીમ ૨૦૧૭–૨૦૧૮માં અમલી બનાવી હતી. જેમાં પારદર્શકતા શુન્ય હતી. કઈ કંપની સત્તાપક્ષને કેટલા નાણાં આપે છે તે નાગરિકો કે વિપક્ષ જાણી શકતા ન હતા. થોડા ઉધોગપતિઓએ લોકશાહીને દાસી બનાવી દીધી હતી, તેનો પર્દાફાશ સુપ્રિમકોર્ટે ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૪નાં રોજ ઈલેકટ્રોલ બોન્ડને ગેરબંધારણીય ઠરાવીને કરી દીધો છે ! આ ઐતિહાસિક ચુકાદો છે. ભારતના લોકો સાથે આટલી મોટી ઠગાઈ કયારેય નથી થઈ ! 'મધર ઓફ ડેમોક્રસી'ની વાત કરના વડાપ્રધાને આ ઠગાઈ કરી હતી. રાહુલ ગાંધીએ ઈલેકટ્રોલ બોન્ડ સામે સતત અવાજ ઉઠાવ્યો હતો આજે રાહુલ ગાંધી સાચા ઠર્યા છે. ૧૬,૫૦૦ કરોડના ઈલેકટ્રોલ બોન્ડ વેચાયા તેમાં ૫૫૧ ફંડ ૧ કરોડના બોન્ડથી આવેલા વિદેશી કંપનીઓ પણ ઈલેકટ્રોલ બોન્ડ, વેચાયા તેમાં ૫૫૧ ફંડ ૧ કરોડના બોન્ડથી આવેલા વિદેશી કંપનીઓ પણ ઈલેકટ્રોલ બોન્ડ ખરીદી શકતી હતી ! સુટ–બુટની સરકારની પોલ ખુલ્લી પડી છે ! ગોદી મીડિયાએ કયારેય સવાલ નથી પુછયા ! અમુક મીડિયાને પત્રકારત્વ માટે નહી પરંતુ લોકતંત્રની હત્યામાં ભાગીદાર તરીકે ઈતિહાસ યાદ કરશે. ઈલેકટ્રોલ બોન્ડ માટેના સુધારા બંધારણના આર્ટિકલ–૧૯(૧) (એ) નું ઉલ્લંઘન કરે છે. કોર્પોરેટ હાઉસ અસીમિત ફંડ આપવું તે આર્ટિકલ–૧૪નો ભંગ છે. બોન્ડનું વિતરણ કરનાર એસબીઆઈને વિતરણ તાત્કાલિક બંધ કરવા સુપ્રિમકોર્ટે હુકમ કર્યો છે. બોન્ડની જાણકારી ૩ અઠવાડિયામાં સાર્વજનિક કરવી પડશે. કેટલાંય ઉધોગગૃહો દિગમ્બર બનશે.

દેશનાં વડાપ્રધાને ભારતના નાગરિકોને છેતરવા માટે લોકપ્રતિનિધિત્વ એકટ/ઈન્કમ ટેકસ એકટ/કંપની એકટમાં મનસ્વી સુધારા કર્યા હતા. આ તમામ સુધારાઓને સુપ્રિમકોર્ટની પાંચ જજોની બેન્ચે રદ કરી દીધા છે. વડાપ્રધાનની સફળતાનું રહસ્ય છે ઈડી અને ઈલેકટ્રોલ બોન્ડ. વડાપ્રધાનના મહાભ્રષ્ટાચારને સુપ્રિમકોર્ટે ખુલ્લો કરી દીધો છે. ઈલેકટ્રોલ બોન્ડના નામે મની લોન્ડરિંગની શકયતા છે. શેલ કંપનીઓની શકયતા છે. ઈલેકટ્રોલ બોન્ડના નાણાથી સત્તાપક્ષે વિપક્ષની સરકારોને ગબડાવી હતી. વડાપ્રધાન ઈલેકટ્રોલ બોન્ડ લઈ આવ્યા ત્યારે પારદર્શકતાનું નામ આપેલ પરંતુ સંપૂર્ણ અપારદર્શકતા રાખવામાં આવી. કથની અને કરણી તદન ભિન્ન ડિઝિટલ પેમેન્ટનો ઉપદેશ આપનાર વડાપ્રધાન શા માટે પાર્ટી ફંડ ડિઝિટલ પેમેન્ટથી ડરતા હતા ? ઈલેકટ્રોલ બોન્ડ એટલે ભ્રષ્ટાચારને "લીગલ વાઘા" પહેરાવવા ઈલેકટ્રોલ બોન્ડ એટલે વિપક્ષ સસલું અને સત્તાપક્ષ વિકરાળ ડાયનોસોર. ગોદી મીડિયા નાગરિકોને મંદિરની તસ્વીર દેખાડશે, ધર્મનાં નામે અધર્મ ચાલે નહી.

હવે વિપક્ષો એક થઈને આ મહાકૌભાંડને લોકો સુધી લઈ જશે. આ ચુકાદો શકય બન્યો તેની પાછળ કપિલ સિમ્બલ, પ્રશાંત ભુષણ, નિઝામ પાશા, કોંગ્રેસ નેતા જયા ઠાકુર, ADR-Association for Democratic Reform/Common Cause/ CPI/RTI એકિટવિસ્ટ લોકેશ બત્રા, પત્રકાર નીતિન શેઠીની મહેનત છે. તેમને ધન્યવાદ ઘટે છે. આ ચુકાદો આપનાર ચીફ જસ્ટિલ ડી.વાય. ચંદ્રચુડ, જસ્ટિસ સંજીવ ખન્ના, જસ્ટિસ બી.આર. ગવઈ, જસ્ટિસ જે.બી. પારડીવાલા, જસ્ટિસ મનોજ મિશ્રાએ લોકતંત્રની લાજ બચાવી છે. વરિષ્ઠ પત્રકાર રવિશકુમાર તરફથી રજૂ થયેલો આંખે દેખો અહેવાલ છે તેમ ઠુંમરે અંતમાં જણાવ્યું હતું.

---

### નાયબ પોલીસ અધિકારી, પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં

# રાજુલા પંથકમાં પોલીસે ઝડપી લીધેલ વિદેશી દારૂનાં જથ્થાનો નાશ કરાયો

### જુદા–જુદા પોલીસ સ્ટેશન દ્વારા દારૂ ઝડપાયો હતો

રાજુલા, તા. ૧૬

રાજુલા, જાફરાબાદ, મરીન પીપાવાવ, નાગેશ્રી વિગેરે પોલીસ મથકમાં ઝડપાયેલા વિદેશી દારૂના જથ્થાનો આજે રાજુલામાં રોડ રોલર ફેરવી દઈ નાશ કરાયો હતો. ડીવાયએસપી હરેશ વોરા, પીઆઈ ઈન્દુબા ગીડા, પ્રાંત અધિકારી બરાસરા, જયેન્દ્રભાઈ બસીયા, હરપાલસિંહ ગોહિલ, જયરાજભાઈ વાળા, પારસભાઈ વિગેરેની હાજરીમાં આજરોજ રાજુલામાં દારૂના જથ્થાનો નાશ કરવામા આવ્યો હતો. રાજુલા પોલીસ મથક, જાફરાબાદ મરીન, પીપાવાવ મરીન, નાગેશ્રી વિગેરે પોલીસ



મથક દ્વારા ઝડપાયેલા દારૂના જથ્થા પર રોડ રોલર ફેરવી દેવામાં આવ્યું હતુ.

---

### બિનરાજકીય ગણાતા અગ્રણી ઉદ્યોગપતિ

# ગોવિંદભાઈ ધોળકીયા રાજયસભાનાં સાંસદ બનતા રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું પ્રભુત્વ વધશે

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહે ઉત્તમ રાજનીતીનું ઉદાહરણ પુરૂં પાડ્યું છે

લીલીયા, તા. ૧૬



સમગ્ર દેશ અને દુનિયાનાં હિરા ઝવેરાત અને અનેક ઉદ્યોગ સાથે સંકળાયેલા અને સમગ્ર દેશ ડાયમંડ કિંગ તરીકે જાણીતા બિનરાજકીય ગણાતા ગોવિંદભાઈ ધોળકીયની રાજયસભાનાં સાંસદ તરીકેની પસંદગી દેશનાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમીતભાઈ શાહે પસંદગી પુરી પાડેલ છે. રાજયસભાનાં ઉમેદવાર ગોવિંદભાઈ ધોળકીયા અને નામાંકન ભર્યા બાદ દેશનાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમીતભાઈ શાહ, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યકત કરી જીતનાં વિશ્વાસ સાથે લોકસેવાના કામો કરવાનો દાવો વ્યકત કર્યો હતો. અહીં નોંધવું છે કે દેશ અને દુનિયાનાં હિરા ઝવેરાત સહિત અનેક ઉદ્યોગકારો સાથેનાં નિકટનાં સબંધોનાં લીધે ગુજરાત રાજયનાં ઔદ્યોગીક ક્ષેત્રમાં નોંધનીય ફાયદો થશે તેવું ચોક્કસ કહી શકાય. આમ તો રાષ્ટ્રીય ભાજપનાં અધ્યક્ષ જે.પી. નડ્ડા પણ ગુજરાતમાંથી રાજયસભાનાં સાંસદ બનતાની સાથે ગુજરાતનું રાષ્ટ્રિય કક્ષા ઘણું મહત્છ વધી જશે.

રાજયસભાની ૪ બેઠકની ચૂંટણી ફેબ્રુઆરીએ યોજવાની છે. ઉમેદવારી ભરવાની ઉમેદવારી ચકાસવાની કામગીરી પૂર્ણ થઈ જવા પામી છે. આગામી તા. ૨૦ ફેબ્રુ. સુધી ઉમેદવારી પરત ખેંચી શકાશે. જો સમીકરણોની વાત કરીએ તો ૪ બેઠક જીતવા માટે ૧૪૪ ધારાસભ્યોની જરૂર પડે ભાજપ પાસે ૧૫૬ બેઠક છે. રાજયસભાની યોજાનારી ચૂંટણીમાં પ્રત્યેક ધારાસભ્યનાં મતનું મુલ્ય ૧૦૦ પોઈન્ટનું છે. ગુજરાત વિધાનસભા ચૂંટણી બાદ ૪ ધારાસભ્યોનાં રાજીનામા બાદ હાલ ૧૭૮ સભ્યોની સંખ્યા છે. ૧૭૮ ધારાસભ્યોમાંથી ભાજપ પાસે ૧ થી ૬ બેઠક અને કોંગ્રેસ પાસે ૧૫ બેઠક વિધાનસભામાં આપના ૪, સમાજવાદી પાટીનાં ૧ તેમજ અપક્ષનાં ૨ ધારાસભ્ય છે. સંખ્યાબળનાં અભાવે કોંગ્રેસે કોઈ ઉમેદવારને રાજયસભામાં ઉમેદવાર તરીકે ઉભા રાખ્યા નથી પણ સ્થિતીમાં ભાજપનાં જે.પી. નડ્ડા, ગોવિંદભાઈ ધોળકીયા, મયંક નાયક અને જસવંતસિંહ પરમાર ચારેય ઉમેદવાનો બિનહરીફ ચૂંટાશે તે નિશ્ચિત બન્યુ છે. એમ મનોજ જોષીની અખબારી યાદીમાં જણાવ્યું છે.

---

# ઈ–કેવાયસી માટે ઝુંબેશ શરૂ કરવામાં આવેલ અભિયાન તા. ૨૧ ફેબ્રુઆરી સુધી કાર્યરત

અમરેલી તા. ૧૬

પી.એમ. કિસાન યોજના હેઠળ ભારત સરકાર દ્વારા ૧૫માં હપ્તાથી ઈ–કેવાયસી ફરજિયાત કરવામાં આવ્યું છે. લાભાર્થીઓને ૧૫મો હપ્તો મળ્યો ન હોય તો ૧૫મો હપ્તો અને આગામી ૧૬મો હપ્તો મેળવવા માટે ઈ–કેવાયસી

બાકી હોય તેવા તમામ લાભાર્થીઓએ ઈ–કેવાયસી ફરજિયાત કરાવી લેવું. રાજય સરકાર દ્વારા તા.૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ થી શરૂ કરવામાં આવેલું આ અભિયાન તા.૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી કાર્યરત રહેશે.

તા.૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ દરમિયાન કોમન સર્વિસ સેન્ટર (સીએસસી) મારફતે દસ દિવસીય રાષ્ટ્રવ્યાપી e-KYC માટેની ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે. જે લાભાર્થીઓનું ઈ–કેવાયસી બાકી છે તેવા લાભાર્થીઓએ ગ્રામ્ય કક્ષાએ /નજીકના કોમન સર્વિસ સેન્ટર (સીએસસી) ખાતે ઉપસ્થિત રહી બાયોમેટ્રીક ઓથેન્ટીફીકેશન દ્વારા ઈ–કેવાયસી કરાવી લેવાનું રહેશે.

આ ઉપરાંત અન્ય પધ્ધતિઓ દ્વારા પણ ઈ–કેવાયસી પૂર્ણ કરી શકાય છે. ગ્રામ્ય કક્ષાએ ગ્રામસેવક / તાલુકા કક્ષાએ તાલુકા વિસ્તરણ અધિકારી / જિલ્લા કક્ષાએ જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરીએ રૂબરૂ ઉપસ્થિત રહી ફેસ ઓથેન્ટિકેશન દ્વારા 'e-KYC' કરાવી શકશે. ગ્રામ્ય કક્ષાએ કોઈપણ યુવાન દ્વારા પી.એમ. કિસાન મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરી પીએમ કિસાનના લાભાર્થીના આધાર કાર્ડ દ્વારા ઓટીપીનો ઉપયોગ કરી લોગ ઈન કરી અન્ય ૧૦ લાભાર્થીઓનું ફેસ ઓથેંટીકેશન દ્વારા ઈ–કેવાયસી થઈ શકે છે. જે લાભાર્થીઓનો આધાર સાથે મોબાઈલ લીંક હોય તેવા લાભાર્થીઓ આધાર ઓટીપી દ્વારા ઘરબેઠા સરળતાથી જાતે જ ઈ–કેવાયસી કરી શકે છે, તેમ અમરેલી જિલ્લા વિકાસ અધિકારી, પી.બી. પંડયાએ એક યાદીમાં જણાવ્યું છે.

---

# જીએચસીએલ દ્વારા ૧૨૦ પગડીયા પરિવારોને માછીમારી માટે જરૂરી સાધન સહાય અપાઈ





રાજુલા, તા. ૧૬

જીએચસીએલ ફાઉંડેશન દ્વારા તેમની ઔધોગીક સામાજીક જવાબદારી અંતર્ગત પગડીયા માછીમારી પરિવારોનાં આજીવિકા વિકાસ કાર્યક્રમ અંતર્ગત ૧૨૦ જેટલા પગડીયા માછીમારી પરિવારોને માછીમારી માટે જરૂરી એવી જાળ, આઈસ બોક્ષ, પ્લાસ્ટીક તાડપત્રી તેમજ પ્લાસ્ટીક કેરેટનું લોક ભાગીદારી આધારીત વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં એસ.એમ.સી.ડીનાં જનરલ મેનેજર જે,વી,જોષી સાહેબ, અજીત કોટેચા, સીનિયર મેનેજર આરીફભાઈ માજોઠી, સી.એસ.આર વિભાગમાંથી ડો.રવિ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. આજના કાર્યક્રમમાં ફિશરીઝ કોલેજ–મહુવા કામધેનુ યુનિવર્સીટીનાં સંશોધન અધિકારી શ્રી એ.એસ.કોટીયો તમામ પગડીયા માછીમારોને માછીમારી વ્યવસાયનું મહત્વ, માછીમારીમાં મુલ્ય વર્ધન થકી આવક વધારા થકી આજીવીકા સુધારણા અને પારિવારીક જી વન લક્ષ્ય અને સરકારી યોજનાઓ અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સી.એસ.આર વિભાગનાં ભાવસિંહ વંશે કર્યુ હતુ. કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સી.એસ.આર ટીમે જહેમત ઉપાડી હતી.

---

# ઉના કાજરડી રૂટની એસ.ટી. બસ શુભમ બાગ પાસે બંધ



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૬

એક તરફ એસ.ટી તંત્ર દ્વારા નવી બસો દોડાવવામાં આવી રહી છે. જયારે બીજી બાજુ જુની બસોનું સમયસર રીપેરીંગ ન થતું હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. ત્યારે ઉના ડેપોની ઉના કાજરડી ઉના રૂટની જીજે ૧૮ ઝેડ ૭૫૯૮નં. ની બસ કાજરડી ગામ તરફ જઈ રહી હતી. ત્યારે વેરાવળ રોડ પર આવેલ શુભમ બાગ પાસે પહોંચતા આ બસ બંધ પડી જતા મુસાફરો મુશ્કેલીમાં મુકાયા હતા અને આ બંધ પડેલ બસનાં મુસાફરોને અન્ય બસમાં બેસાડવામાં આવ્યા હતાં. ત્યારે ઉના એસ.ટી. તંત્ર દ્વારા જૂની બસોની પણ દેખરેખ રાખી સમયાંતરે રીપેરીંગ કામ કરવામાં આવે તેવી મુસાફરો દ્વારા માંગ કરાઈ હતી.

---

### ધારાસભ્ય મહેશ કસવાલાનાં સહયોગથી

# સા.કુંડલાનાં વિદ્યાર્થીઓએ નિહાળી ગુજરાત વિધાનસભાની કાર્યવાહી

### મુખ્યમંત્રી અને અધ્યક્ષે વિદ્યાર્થીઓ સાથે કર્યો સંવાદ

સાવરકુંડલા, તા. ૧૬





વિધાનસભાની કાર્યવાહી અને સરકાર દ્વારા થતી રાજય લેવલની ગતિવિધિઓ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ જ જાણતા હોય છે જયારે લોકતંત્રમાં દરેક બાબતોથી આજની પેઢી ગણાતા વિદ્યાર્થીઓ રાજકીય થતી ગતિવિધિઓ અંગે માહિતગાર રહે અને લોકતંત્રમાં થતા કાર્યો અંગેની સમજણ મળી રહે તે માટે સાવરકુંડલા લીલીયા વિધાનસભા બેઠકના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા નવી પેઢીના ભારતના ભવિષ્ય સમાનના વિદ્યાર્થીઓને ગાંધીનગર ખાતે વિધાનસભા ગૃહની થતી કાર્યવાહી અંગેની તાદ્રશ્ય થતી કાર્યવાહી અને ગતિવિધિ અંગે સંપૂર્ણ જાણકારી અને માર્ગદર્શન મળી રહેવાના આશય સાથે સાવરકુંડલાની એમ.એલ.શેઠ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ અને સ્વામી નારાયણ ગુરૂકુળના ૩૦૪ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષક સ્ટાફ સાથે ગાંધીનગર ખાતે વિધાનસભા ગૃહની મુલાકાત કરી હતી ને સાવરકુંડલાના ઈતિહાસમાં પ્રથમવાર આટલી વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓએ વિધાનસભા ગૃહની કમગીરીઓ નિહાળી તો ખરી પણ સાથે સાથે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને વિધાનસભા ગૃહના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી સાથે સીધો સંવાદ કરવાનો સોનેરી અવસર પણ ધારાસભ્ય કસવાળાની પહેલને કારણે શકય બનવાનો આંનદ વિધાર્થીઓએ વ્યકત કર્યો હતો ને વિધાર્થીઓએ પણ સીધી જ મુખ્યમંત્રી અને અધ્યક્ષશ્રી સાથે મુકત મને ચર્ચાઓ કરી હતી જયારે વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરીયા પણ સાવરકુંડલાના વિદ્યાર્થીઓ સંગાથે રહ્યા હતા જયારે સ્કૂલના વિદ્યાર્થીઓ અને સંચાલકો,શિક્ષકો દ્વારા ગાંધીનગર ખાતે વિધાનસભા ગૃહની કામગીરીઓ નિહાળવાનો આ પ્રથમ અવસર હતો કે જે ધારાસભ્ય મહેશ કસવાળાની વિદ્યાર્થીઓ પ્રત્યેની લાગણીઓ અને સાચી સમજણ સાથેના જ્ઞાન મળે તેવા અભિગમને કારણે સાર્થક સાબિત થયેલો હતો તેવું એમ.એલ.શેઠ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ અને સ્વામી નારાયણ ગુરૂકુળ વતી અનિરુદ્ધસિંહ રાઠોડ,સતીશ પાંડે, અમિત મેવાડા, નિખીલ ઘેલાણીએ અખબાર યાદીમાં જણાવ્યું હતું.

---

### પૂ. મોરારિબાપુની નિશ્રામાં

# આગામી ૧૩ માર્ચનાં રોજ કાગધામ (મજાદર) ખાતે યોજાશે કાગ ઉત્સવ

### મોટી સંખ્યામાં સાહિત્યકારો ઉપસ્થિત રહેશે

(પ્રતાપ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૧૬




પુજય કાગબાપુની જન્મભુમી કાગધામ (મજાદર) ખાતે કાગબાપુની ૪૭ પુણ્યતિથિ (કાગ ચોથ), ફાગણ સુદ ચોથના દિવસે પુજય મોરારિબાપુની નિશ્રામાં વિવિધ કાર્યક્રમ યોજાય છે. પુ. મોરારિબાપુના વરદ હસ્તે પ્રતિ વર્ષ અપાતા કવિ કાગ એવોર્ડની પરંપરામાં આ વર્ષ દિવંગત સ્વ. મનુભાઈ જોધાણી, દેવરાજભાઈ ગઢવી, રાજુલ દવે, લાખશીભાઈ ગઢવી તથા રાજસ્થાની સાહિત્યમાં પ્રદાન કરનારને અપાતો એવોર્ડ આ વર્ષ રાજસ્થાન સાહિત્યમાં પ્રદાન કરી રહેલા ગિરધરદાન રતનું (દાસોડી)ને આ વર્ષનાં કવિ કાગ એવોર્ડ અર્પણ થશે.

પૂજય કાગબાપુની ૪૭મી પુણ્યતિથિ નિમિતે તા.૧૩–૩ બપોરે ૩ થી સાંજના ૬ સુધી પુજય મોરારિબાપુના સાનિધ્યમાં કાગના ફળિયે કાગની વાતું વિષય અંતર્ગત પ્રવિણભાઈ લહેરી આ કાર્યક્રમનું સંકલન ચારણી સાહિત્ય, સંતવાણી અને લોક સાહિત્યના મર્મજ્ઞ ડો. બળવંત જાની સંભાળશે. રાત્રીના ૮.૩૦ કલાકે કાગ પરિવાર દ્વારા સૌ મહેમાનોનું સ્વાગત થશે. રાત્રે ૯ કલાકે પુજય પ્રેરિત પુ. મોરારિબાપુના વરદ હસ્તે પ્રતિવર્ષ અપાતા કવિ કાગ એવોર્ડની પરંપરામાં આ વર્ષ દિવંગત સ્વ.મનુભાઈ જોધાણી, દેવરાજભાઈ ગઢવી, રાજુલ દવે, લાખશીભાઈ ગઢવી તથા રાજેસ્થાની સાહિત્યમાં પ્રદાન કરનારને અપાતો એવોર્ડ આ વર્ષ રાજસ્થાન સાહિત્યમાં પ્રદાન કરી રહેલા ગિરધરદાન રતનું (દાસોડી)ને આ વર્ષનાં કવિ કાગ એવોર્ડ અર્પણ થશે.

એવોર્ડ અર્પણ બાદ પુજય મોરારિબાપુનું પ્રાસંગિક વકતવ્ય રહેશે. રાત્રીના ૧૦ કલાકે કાગવાનીની પ્રસ્તુતિ થશે. આ પ્રસંગે પદ્મશ્રી કવિ કાગબાપુ ટ્રસ્ટ દ્વારા સૌ ભાવકોને પધારવા બાબુભાઈ કાગ દ્વારા નિમંત્રણ અપાયુ છે.

## યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા કાનજી ભુટ્ટાભાઈ બારોટની ૧૦૦મી જન્મજયંતીએ

# ચલાલા ખાતે આજે કાનજી ભુટ્ટા બારોટ એવોર્ડ સમારોહ યોજાશે

**પૂ. મોરારિબાપુની ઉપસ્થિતિમાં પૂ. રતિદાદાની પ્રેરણાથી પ્રો. છેલભાઈ વ્યાસને એવોર્ડ આપી સન્માનિત કરાશે**

**પદ્મશ્રી જગદીશભાઈ ત્રિવેદીની ઉપસ્થિતિમાં લોકડાયરાની રંગત જામશે**

**અરવિંદ બારોટ, રાજભા ગઢવી, મેરામણ ગઢવી, ગોપાલ બારોટ, હિતેષ અંટાળા, અભિરાજ બારોટ જમાવટ કરશે**

**મોટી સંખ્યામાં સાહિત્યકારો અને સમગ્ર પંથકમાંથી સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહેશે**



ચલાલા, તા. ૧૬

ચલાલા ખાતે આ વર્ષથી કાનજી ભુટા બારોટ–૨૦૨૪ એવોર્ડ અપાઈ રહ્યો છે. ત્યારે આ વિચારબીજ પૂ. રતિદાદા, ડો. અબ્દુલ કલામની ભારતીય વૈજ્ઞાનિક સંસ્થાના ચેરમેન, વૈજ્ઞાનિક ડોકટરો ચંદ્રમોલી જોષી, ભારત ભૂષણ, યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ–ચલાલાનાં ડાયરેકટર મહેશભાઈ મહેતા અને મનુભાઈ કાનજીભાઈ બારોટને એક વિચાર વિમર્શ કરેલ. પૂ. મોરારિબાપુનાં આશીર્વાદ તથા ડોકટર કૌશિકરાય પંડયા જેવા વિધ્વાનોના પરામર્શથી આ ભગીરથ કાર્ય આગળ વધ્યું. સેવા–સંસ્કાર, શિક્ષણની ત્રિવેણી એટલે પૂ. રતિદાદા આ બીડું ઝડપી, અમલમાં મૂકી, અદભુત કાર્ય કરવા જઈ રહ્યા છે. ત્યારે ખરેખર તો કાનજી ભુટ્ટા બારોટ ભારતીય જ્ઞાન પરંપરાનાં ઉદ્યોસક હતા.

સૌરાષ્ટ્રની લોક સંસ્કૃતિનું ઘડતર ચણતર કર્યુ. કાનજીભાઈ બારોટ ઈતિહાસકાર લોકસંશોકધક, લેખક વગેરે બહુમતી પ્રતિભા ધરાવતા હતા. એમની સ્મૃતિમાં ''કાનજી ભુટ્ટા બારોટ ૨૦૨૪ એવોર્ડ'' પૂ. મોરારિબાપુના હસ્તે શરૂ થવાનો હોય ત્યારે આપણ પણ આ ઘડીના સાથી બનીને બારોટ સમાજનું ગૌરવ તથા પૂ. દાનમહારાજની ભૂમિને કર્મભૂમિ બનાવનાર કાનજી ભુટ્ટ બારોટને કલા ક્ષેત્રનો ભારતવર્ષનો સવોચ્ચ એવોર્ડ ભારતીય સંગીત નાટક અકાદમી દિલ્હી જે ૧૯૮૮માં રાષ્ટ્રપતિ આર. વેકટરામનના હસ્તે, ઉત્તરપ્રદેશની રાજધાની લખનવ ખાતે અપાયો ત્યારે ચલાલા, અમરેલી જિલ્લા સહિત સમગ્ર ગુજરાત રાજય ગૌરંવિત થયા.

પૂ. મોરારિબાપુએ 'વાતોનો વડલો' પૂ. પ્રમુખ સ્વામી મહારાજ જેઓને 'ગુજરાત રત્ન' કહ્યા આપણા યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતની એક સભામાં બુલંદ અવાજ અને આગવી રીતે કાનજી ભુટ્ટા બારોટને યાદ કરેલા. કેન્દ્રીય મંત્રી રૂપાલા કાનજીભાઈ બારોટની લોકસાહિત્યની હાલતી ચાલતી યુનિવર્સિટી કહેતા, દેશ–વિદેશમાં જયાં ગુજરાતી હોય ત્યા કલાક્ષેત્રમાં કાનજીભાઈ બારોટે ડંકા દીધા, લોકસાહિત્ય ક્ષેત્રે જેમ ઝવેરચંદ મેઘાણીએ લોકવાર્તા લખી, એવી જ રીતે કાનજીભાઈ બારોટે લોકોવાર્તાને પણ પોતાના બુલંદ અવાજથી સ્વરદેહ આપ્યો, જીથરાભાભાથી માંડી સોમનાથની સખાતે હમીરજી ગોહિલ અને પૂજય દાન મહારાજથી માંડીને સંત જય જલારામ સુધી હસ્ત લેખિત કથાઓને સ્વરદેહ આપ્યો. ગુજરાતના અગ્રણીય અખબારોમાં વાર્તાઓ પ્રસિધ્ધ થઈ ઉર્મિ નવરચનામાં વાર્તાઓ લખીને સમાજને ભેટ આપતા ગયા. લોકસાહિત્ય શિષ્ટ સાહિત્યને જોડતી કડી એટલે કાનજીભાઈ બારોટ ઉમાશંકર જોષી સુંદર કે કા શાસ્ત્રી જેવા સાહિત્ય જગતના વિધ્વાન ધુરંધરો કાનજીભાઈની વાર્તા સાંભળી ગદ ગદિત થયા તેમજ બંગાળના અભિનેતા દિગ્દર્શક, પ્રોડયુસર, ઈતિહાસકાર, રાજનૈતિક એવા ગિરીશ કન્નડ જેઓએ કાનજીભાઈ વિશે એવું કહ્યું કે ''જુદા જુદા'' રાજયોમાં લોકવર્તાઓ કહેવાય છે પણ કાનજીભાઈ એસીતાર આપે આગવી રીતે લોકવર્તાઓ પીરસી આવા સમર્થ વાર્તાકાર ભારત વર્ષમાં જોયા નથી. આ એક જ છે એવા આપણા સોકસાહિત્યકાર કાનજીભાઈ ભુટ્ટા બારોટની ૧૦૦મી જન્મ જયંતી નિમિત્તે એમના નામથી એવોર્ડ શરૂ થઈ રહેલ છે તે સમગ્ર બારોટ સમાજ તેમજ સાહિત્ય જગત માટે ગૌરવ અને હર્ષની બાબત છે.

---

## ચેપી રોગ હોવાથી ઝડપથી ફેલાઈ રહ્યો છે

# સા.કુંડલા : પ્રાથમિક શાળાઓનાં બાળકોમાં ''ગાલપચોળીયા'' રોગ જોવા મળે છે

**હોસ્પિટલમાં દરરોજ ૫૦ જેટલા કેસ આવે છે**

(પ્રતાપ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા જિલ્લામાં બાળકોમાં ફેલાતી વાયરલ બીમારીએ દરેકની ઊંઘ હરામ કરી દીધી છે. બાળકોના વાલીઓ અને આરોગ્ય વિભાગ તમામ ચિંતિત છે. બાળકોને કાન અને ગળામાં સોજો આવી રહ્યો છે. આ એક ચેપી રોગ છે જે જયારે એક વ્યકિત બીજા વ્યકિતના સંપર્કમાં આવે છે ત્યારે ઝડપથી ફેલાય છે. ખાસ કરીને શાળાઓમાં દરરોજ અનેક બાળકોનો આંકડો વધી રહ્યો છે.



તબીબોના મતે, વાયરલ રોગ ગાલપચોળિયાં બાળકો પર અસર કરી રહી છે. શરૂઆતમાં ફલૂ જેવી સમસ્યા લાગે છે, થોડા દિવસો પછી, લાળ ગ્રંથીઓમાં સોજો આવવાથી, ખોરાક ગળવામાં મુશ્કેલી શરૂ થાય છે. આ એક વાયરલ ચેપ છે. જો કે આ રોગ આઠથી દસ દિવસમાં ઠીક થઈ જાય છે, પરંતુ બેદરકારીને કારણે સાંભળવા અને પ્રજનન ક્ષમતા પર પણ અસર થઈ શકે છે.

ગાલપચોળિયાં એક વાયરલ રોગ છે. આ રોગના લક્ષણોમાં તાવ, માથાનો દુખાવો, સ્નાયુઓમાં દુખાવો, થાક અને ભૂખ ન લાગવી, કાનની પાસેની લાળગ્રંથીઓમાં સોજો આવવાનો સમાવેશ થાય છે. આ રોગ શ્વાસ દ્વારા અથવા ચેપગ્રસ્ત લાળના સીધા સંપર્ક દ્વારા ફેલાય છે. તબીબોના મતે જો આ રોગની સમયસર સારવાર ન કરવામાં આવે તો દર્દી મેનિન્જાઈટિસ, એન્સેફાલીટીસ, ઓર્કાઈટીસ અને બહેરાશ જેવી સમસ્યાઓથી પીડાઈ શકે છે. બાળકો સૌથી વધુ જોખમમાં છે.

ડોકટરોના મતે, બાળકોમાં વાયરલ રોગ ગાલપચોળિયાંનો ચેપ પુખ્ત વયના લોકો કરતાં વધુ હોય છે. તેનું મુખ્ય કારણ નબળી રોગ પ્રતિકારક શકિત છે. આ રોગથી સંક્રમિત દર્દીની ખાંસી કે છીંકને કારણે હવામાં વાયરસના નાના ટીપાં ફેલાવાને કારણે બાળકો આ રોગનો સૌથી પહેલા ભોગ બને છે. તેમના સંપર્કમાં આવવાથી, આ ચેપી રોગ અન્ય લોકોમાં પણ ફેલાય છે. આ ચેપ ચેપગ્રસ્ત સાથે સીધા સંપર્ક દ્વારા પણ ફેલાય છે, જેમ કે પાણીની બોટલ શેર કરવી અથવા તેમના પલંગ પર સૂવું. આ રોગ બાળકોને તેનો પ્રથમ શિકાર બનાવે છે. આને રોકવા માટે, ૮ મહિનાથી ૪–૫ વર્ષની વયના બાળકોને ઓરી, ગાલપચોળિયાં અને રૂબેલા સામે રસી અપાવવી જરૂરી છે. જો આ રોગ પુખ્ત વયના લોકોમાં થાય છે, તો તેની સારવાર એન્ટીબાયોટીક્સ દ્વારા કરવામાં આવે છે. જો યોગ્ય અને સમયસર સારવાર લેવામાં આવે તો આ રોગ ૮ થી ૧૦ દિવસમાં જતો રહે છે.

---

# માર્ગ અને મકાન (રાજય) રાજુલા પેટા વિભાગ કચેરીનું હિંડોરણા (જંકશન) ખાતે સ્થળાંતર

અમરેલી તા. ૧૬

માર્ગ અને મકાન (આર એન્ડ બી) રાજુલા પેટા વિભાગ (રાજય) કચેરીનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. અગાઉ નાયબ કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન પેટા વિભાગ (રાજય) રાજુલા કચેરી, જૂની મામલતદાર ઓફિસ કમ્પાઉન્ડ, રાજુલા ખાતે કાર્યરત હતી તેનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. માર્ગ અને મકાન રાજુલા પેટા વિભાગ (રાજય) કચેરીને તેના જૂના સ્થળેથી બદલીને રાજુલા તાલુકાના હિંડોરણા (જંકશન) ખાતેના નવા સ્થળ પર ખસેડવામાં આવી છે.

નાયબ કાર્યપાલક ઈજનેર, નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી, માર્ગ અને મકાન રાજુલા પેટા વિભાગ (રાજય), મુ.હિંડોરણા (જંકશન), તા.રાજુલા, જિ.અમરેલી પિન નં.૩૬૫૫૬૦ના સરનામા પર ખસેડવામાં આવતા સંબંધિતોને આ કચેરી સાથેના તમામ પત્રવ્યવહાર હવેથી સ્થળાંતરિત થયેલ નવા સરનામા પર કરવા માર્ગ અને મકાન રાજુલા પેટા વિભાગ (રાજય) ના નાયબ કાર્યપાલક ઈજનેરે એક યાદીમાં જણાવ્યું છે.

---

## ખેડૂત પરિવારે બળદની અંતિમક્રિયા કરી

# સાવરકુંડલાનાં ભુવા ગામે બળદનું મોત થતા સમાધિ આપવામાં આવી

**બળદને રેઢા મુકી દેનાર માટે પ્રેરણાદાયી ઘટના**

સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા તાલુકાના ભુવા ગામના બળદ પ્રત્યેના પારિવારિક તાણાવાણાની ઝલક જોવા મળી હતી બળદનું નિધન થતાં પરિવારનું સ્વજન ગુમાવ્યું હોય તેવાં ભાવ સાથે દુખી હૃદયે સમાધિ આપી સાવરકુંડલા તાલુકાના ભુવા ગામ આમ તો શિક્ષણપ્રેમી, ધર્મપ્રેમી અને જીવદયામાં અપાર શ્રધ્ધા ધરાવતું ગામ છે. અને એનું પ્રમાણ પણ એના સામાજિક જીવનમા જોવા મળે છે. વાત જાણે એમ છે કે ભુવા ગામમાં જયસુખભાઈ ભગવાનભાઈ ભાલાળાનો બળદ ઉંમર ૨૧ વર્ષનું અવસાન થતાં ખૂબ જ દુખી હૈયે એને સમાધિ આપવામાં આવી હતી.આમ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાના સંસ્કારના દર્શન અહીં થતાં જોવા મળ્યા... એક બળદના નિધનથી સમગ્ર પરિવાર શોકાતુર બન્યો. આમ બળદ પણ જાણે પરિવારનો જ એક



સભ્ય હોય તેવી રીતે તેની અંતિમ વિધિ કરવામાં આવી.

---

# દામનગર ખાતે આજે રકતદાન કેમ્પ યોજાશે

દામનગર, તા. ૧૬

જરૂરિયાત વ્યકિતઓ માટે આશીર્વાદરૂપ સાબિત થાય છે,એવા શુભ હેતુથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જરખિયા,નગરપાલિકા દામનગર અને ચેમ્બર ઓફ કોમર્સ દામનગરનાં સયુંકત ઉપક્રમે તા. ૧૭/૦૨/૨૪ ને શનિવારે સામૂહિક આરોગ્ય કેન્દ્ર (સરકારી દવાખાનું) દામનગરમાં સવારના ૮–૩૦ થી બપોરના ૧ વાગ્યા સુધી રાખવામાં આવેલ રકતદાન કેમ્પમાં રકત(લોહી)નું દાન આપવા ચેમ્બર ઓફ કોમર્સ, દામનગરનાં પ્રમુખ પ્રિતેશભાઈ નારોલાએ અનુરોધ કરેલ છે.





















# વાર્તા–વૈભવ

## છેવટ નગર સુતું અભિનેત્રીની સોડમાં : 'લોન્ડ્રી રૂમ' (વાર્તા)

**– ઉદયન ઠક્કર**

કેનેડામાં વસતાં પતિ–પત્ની વિશેની એક વાર્તાનું શીર્ષક છે. 'લોન્ડ્રી રૂમ' લગ્નનાં ૧૭ વર્ષ પછી મિસ્ટર અને મિસિસ નાયર હેંગર પર ઝુલતા સૂટ અને સાડી જેવા થઈ ગયાં હતા. અડખેપડખે ખરાં, પણ જીવંત નહિ. ભારતથી આવ્યા પછી કેનેડાની ચુટકીદી તેમને વસમી લાગતી. સપ્ટેમ્બરમાં કોલેજનું નવું વર્ષ શરૂ થયું ત્યારે ચોવીસેક વર્ષની એક છોકરી બાજુના એપાર્ટમેન્ટમાં રહેવા આવી. મિસિસ નાયર તેને મળ્યાં લોન્ડ્રી રૂમમાં, 'કાળા ગોગલ, જડબાની રેખાઓ અણિયાળી, ખુલ્લા વાળ. 'નામ અંજલિ કાલરા, લુધિયાણાની હતી. મિસિસ નાયરે સલાહ આપી, 'અહીં કપડાની ચોરી થાય છે, કપડાં સુકાવા સુધી તું અહીંયા જ રહે તો સારૂં, 'અંજલિ ઉતાવળમાંા હતી. મિસિસ નાયરે સધિયારો આપ્યો, 'તું જઈ શકે છે, હું તારાં કપડાનું ધ્યાન રાખીશ.' પરિચય કેળવાતો ગયો. મિસિસ નાયરે તેને ઓણમ નિમિતે ડિનર પર આવવાનું આમંત્રણ આપ્યું. બહુ દિવસ પછી કોઈ મહેમાના આવવાનું હતું. (અહીં લેખકે રસોઈની તૈયારીનું વિગતે વર્ણન કર્યુ છે.) ખેર, અંજલિ આવી જ નહિ. લોન્ડ્રી રૂમમાં મળ્યાં ત્યારે અંજલિએ ન આવી શકવાનું કોઈ બહાનું કાઢીને નાયર દંપતીને પોતાનો ઘેર આવવા નિમંત્ર્યાં, ખંચકાટ પછી મિસિસ નાયરે સંમતિ આપી.

નાયર દંપતીનું લગ્નજીવન કેવું હતું ? મિસિસ નાયરને રંજ હતો કે પોતે નગ્ન કે અર્ધનગ્ન હોય ત્યારે મિસ્ટર તેમની તરફ નહિ પણ મોબાઈલ તરફ તાકી રહેતા. એક વાર દરવાજો ખખડાવ્યા વગર મિસિસ નાયર આવેલા ત્યારે તેમણે પતિને ખુબ શરમજનક હાલતમાં જોયેલા. ''હસ્તમૈથુન કરતા હશે?) મિસિસ નાયરે પતિનો મોબાઈલ ચેક કર્યો. દુઃખ થયું. જેટલી ઉત્સુકતાથી પતિ બીજા શરીરોને જુએ છે, તેટલી ઉત્સુકતાથી મારા શરીરને કેમ નથી જોતા ?' મિસિસ નાયરનાં પેટ પર લાંબો કાપો હતો, પ્રસૂતિની શસ્ત્રક્રિયાનો. બે મિસકેરેજ પછી સંતાન થવાની શકયતા નહોતી. (વાર્તાકારે તેમનાં પેટને 'ફાંદ' કહયું છે.)

અંજલિને ઘેર મિસિસ નાયર એકલાં જ ગયાં. પડી ગયેલો ચમચો લેવા અંજલિ વાંકી વળી.'તેની આછા ભૂરા રંગની અંડરવેરે તેના પેન્ટમાંથી બહાર ડોકિયું કાઢયું.' અંજલિએ કહયું કે બોયફ્રેન્ડ સાથે બ્રેકઅપ થયું હોવાથી તેનો મુડ ખરાબ રહે છે, માટે ડિનર પર નહોતી આવી. 'મેં એક છોકરો જોયેલો, ગોરો, ઉંચો, વાંકડિયા વાળવાળો...એ જ તારો બોયફ્રેન્ડ ?'

અંજલિ નીચું જોઈ ગઈ, 'એ કોઈ નથી....માત્ર કોપિંગ મિકેનિઝમ.' મિસિસ નાયર મુંઝાયા, 'એનાથી કામ ચાલી જાય ? અંજલિ અચકાઈ, ''બસ મનમાં જે ચહેરો ફરતો હોય તેને આ નવા ચહેરા સાથે બદલી નાખવાનો... પ્રાઈવેટ મોમેન્ટસમાં લોકો મનમાં આવી અદલાબદલી કરતા જ હોય છે. કયારેક ચહેરાની કયારેક તો આખેઆખા....''

એક દિવસ અંજલિ કપડાં એકઠાં કરીને લોન્ડ્રી રૂમમાંથી નીકળી. મિસિસ નાયરે જોયું તો ડ્રાયરમાં રહી ગયેલી એની તાજી, ગરમ, આછા ભૂરા રંગની અંડરવેર, જેના પર મોગરાનાં ફુલ ચીતરેલા... એ જ વસ્ત્ર જેણે અંજલિના પેન્ટમાંથી મિસિસ નાયર તરફ ડોકિયું કરેલું, મિસિસ નાયરને થયું કે અંજલિને જણાવે, પણ પછી તેમણે અંડરવેર પોતાનાં કપડાં સાથે સરકાવી દીધી. ઘેર જઈ પહેરવા પ્રયત્ન કર્યો, અંજલિ તેમનાથી ઘણી પાતળી હતી. સાથળો પરથી ઉપર ચડાવતાં સમય થયો. કમર ગુંગળાઈ. માત્ર અંડરવેર પહેરી મિસિસ નાયર, મિસ્ટરની સામે આવ્યાં. 'બહુ જ લાંબા સમય પછી તેમને પોતાનાં શરીરની શરમ ન આવી, કારણ કે આજે એ શરીર તેમને પોતાનું લાગી જ નહોતું રહયું, તેમણે મિસ્ટર નાયરને આંખોથી આમંત્રણ આપ્યું અને બોલ્યાં, 'અંજલિની છે.' મિસ્ટર નાયરે અંડરવેર પર હાથ મુકયો અને સ્મિત કર્યુ, 'તે રાત્રે મિસિસ નાયરને યાદ આવ્યું કે પોતાને હાથ–પગ છે. સ્તનો છે... નિતંબ છે, ગરદન છે, નખ છે.... કેવું વિચિત્ર કે પોતાનાં શરીરની યાદ અપાવવા ઘણી વાર બીજા શરીરની જરૂર પડતી હોય છે.''

હવે મિસ્ટર નાયર વારંવાર પત્નીને ફુલ–બુકેની ભેટ આપવા લાગ્યા. મોગરાનો છોડ સુધ્ધાં લઈ આવ્યાં, એક દિવસ અંજલિ બોલી, 'મારા કપડાં મિસિંગ છે.'' તેને મિસિસ નાયર પર વહેમ આવ્યો. દંપતીએ નકકી કર્યુ કે અંજલિનાં કપડાં કોઈ રીતે પાછાં સરકાવી દેવાં, પણ અંજલિએ તો લોન્ડ્રીરૂમ પર જવાનો દિવસ જ બદલી નાખ્યો. ડિસેમ્બરના છેલ્લા દિવસે અંજલિ એપાર્ટમેન્ટ ખાલી કરીને જતી રહી.

એ દિવસે મિસિસ નાયરે મોગરાનો છોડ ડસ્ટબિનમાં નાખી દીધો.

'લોન્ડ્રી રૂમ' ના વાર્તાકાર અભિમન્યું આચાર્ય કેનેડામાં વસે છે, અને ત્યાંનું વાતાવરણ સહજપણે ઉપસાવી શકયા છે. મિસ્ટર અને મિસિસ નાયરનાં નામ નથી અપાયાં– તેઓ પોતાની ઓળખ ધીરે ધીરે ગુમાવી રહયાં છે. અંજલિનો ઉલ્લેખ નામથી થાય છે, મિસ કાલરા તરીકે નહિ – તેને પોતીકું, ચૈતન્યવંતું વ્યકિત્વ છે. મિસિસ નાયરે વાનગીઓ કેમ રાંધી તેનું વિગતપ્રચુર વર્ણન કરાયુંછે, કારણ કે તેમનાં જીવનમાં રસોઈનું મહત્વનું સ્થાન છે. લગ્નજીવનનાં ૧૭ વર્ષ પછી જાતીય આકર્ષણ ઓછું થઈ જાય, તે અસ્વાભાવિક નથી. બે સ્ટીલ બોર્ન બાળ કો અને કાયમી વંધ્યત્વ પછી ઉદાસીનતા પણ આવી જાય. નાયર દંપતીનાં વ્યકિતત્વો બહુપરિમાણી નથી, કશું ઉત્સાહપ્રેરક બનવાનું નથી તેમની જિંદગીમાં. પારકી યુવા સ્ત્રી માટે આકર્ષણ થાય એ મનોવૈજ્ઞાનિક સત્ય છે. મિસ્ટર નાયર અંજલિ સાથે પરિચય વધારવાની કોઈ ચેષ્ટા કરતા નથી. સેકસ ફિલ્મ જોઈને ઉત્તેજિત થાય. તેમ અંજલિની અંડરવેરને સ્પર્શીને ઉત્તેજિત થાય છે. વાર્તાકારે અંડરવેરને' તાજી, ગરમ અને મોગરાનાં ફુલ ચીતરેલી.' કહીને જાતીયતાનું કલ્પન બનાવ્યું છે. અંડરવેરે પેન્ટમાંથી ડોકિયું કર્યુ એવા સજીવારોપણથી ઉપવસ્ત્રને જીવતું કર્યુ છે. પુર્વભૂમિકા બંધાય તે માટે અંજલિનાં મુખે ચહેરાની અને શરીરની અદલાબદલીનો સંવાદ મુકયો છે.

મિસ્ટર નાયરની મનોવૃતિનો ઉઘાડ કરતી પ્રતિષ્ઠા પંડયાની કાવ્યપંકિતઓ યાદ આવે છે.

સાવિત્રીની નાઈટી તળે<br>
અડધી રાતે હંમેશની જેમ<br>
એ હાથ ફરી રહયો હતો<br>
સ્નાયુઓમાં ચાસ પાડતો<br>
અંધકારની દુનિયામાં રખડતો<br>
વીણતો<br>
ઓળખીતી, અજાણી, પાડોશની,<br>
ઓફિસની સ્ત્રીઓનાં અંગોપાંગ...<br>
કોઈનાં ઉન્નત સ્તન<br>
કોઈના વિશાળ નિતંબ<br>
કોઈની કમરનો માદક વિલય<br>
કોઈનું રૂપ, કોઈનો રંગ<br>
આંધળી કલ્પનાનાં ટાંકણે<br>
એ ટીપી રહયો હતો<br>
આજ રાતની સાવિત્રીને.

મિસિસ નાયરમાં ચૌર્યવૃતિ નહોતી, અંજલિનું કપડું તો આકસ્મિકપણે તેમનાં હાથે ચડયું હતું. અંડરવેર પર ચીતરાયેલો અને લગ્નજીવનમાં પુનઃ મહોરવા લાગેલો મોગરો અંતે ડસ્ટબિનમાં ફગાવી દેવાય છે. મોગરો ચીતરી કે પહેરી ન શકાય. એને તો ઉગાડવો પડે, ઉત્પલ ભાયાણીની જુની વાર્તા ાયાદ આવે છે. સ્ત્રીને પતિ પ્રત્યે અપાકર્ષણ અને દિયર પ્રત્યે આકર્ષણ થાય છે. તે દિયરનું ખમીસ પતિને પહેરાવે છે. અને વહાલથી વળગી પડે છે. આ વિષયમાં મિસ્ટર નાયર કંઈ એકલા નથી. હેમેન શાહનો શેર સાંભરે છે :

સપનું જ એક બચ્યું<br>
દિવસની તોડફોડમાં<br>
છેવટ નગર સૂતું<br>
અભિનેત્રીની સોડમાં

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**

# બાલ એક્સપ્રેસ

- ઉખાણા
- બાળવાર્તા
- જોડકણા
- બાલગીત
- જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

## ભાતીગળ સૌરાષ્ટ્ર

### અમરલા જીલ્લા પુસ્તકાલય એક આદર્શ પુસ્તકાલય

સૌરાષ્ટ્રમાં ગ્રંથાલય પ્રવૃતિનો ઈતીહાસ જોઈયે તો ,ગ્રંથાલય પ્રવૃતિના ક્ષી ગણેશ રાજકોટમાં કેટલાક બુદ્ધિજીવીઓએ 'ગુણ મંડળી' નામે એક નાનકડા પુસ્તકાલયની શરૂઆતથી ઈ.સ.૧૮૫૬ થી કરી હતી. આ ઉપરાંત રાજકોટના પ્રજાપીતા,પ્રજા વત્સલ અને સાહિત્યપ્રેમી રાજવી સ્વ.ક્ષી લાખાજીરાજે એમના સમયમાં તા.૧૦–૭–૧૮૬૮ થી પુસ્તકાલય ની પ્રવૃતી શરૂ કરેલી.લગભગ આ અરસામાં શીક્ષણના હિમાયતી રાજથોમાં ગોંડલના મહારાજા સ્વ.ક્ષી ભગવતીસંહજીએ સને ૧૮૮૪માં પોતાના બહુમુલ્ય ૨૦૦૦ પુસ્તકો ભેટ આપીને ગ્રંથાલય પ્રવૃતીની જયોત ગોંડલ રાજયમાં પ્રજવલીત કરી,આમ વીસમી સદીનીી શરૂઆતમાં સૌરાષ્ટ્રના ગ્રંથાલયો રાજ્યાક્ષીત હતા.અમરેલીમાં ઈ.સ.૧૮૭૩માં તે વખતના અમરેલીના આસિસ્ટન્ટ રેસિડંટ કર્નલ વિલીયમ વોકરના શુભ પ્રયાસથી 'વોકર લાયબ્રેરી અને રીડીગરૂમ'આ નામ થી એક પુસ્તકાલય શરૂ કરવામ્રા આવ્યુ હતું.પ્રથમતો તે એક ભાડાના મકાનમા હતું પરંતુ ત્યાર પછી લોકોએ બક્ષીસો તથા લવાજમ વગેરેથી એકઠા કરેલા રૂપીયા ૧૦૧૮ તથા ક્ષી મંત સરમાર તરફથી રૂ.૧૪૦૫ મળી રૂ.૨૪૧૩ ખરચી એક નાનકડુ સ્વતંત્ર મકાન તૈયાર કર્યુ અને તે સને ૧૮૮૦ માં ખુલ્લું મુકવામાં આવ્યું. **(ક્રમશઃ)**



## બાળક પરનો ગુસ્સો




**– ગિજુભાઈ ભરાડ**

તમે ફૂલ પર અંગારા મૂકો અને બાળક પર ગુસ્સો કરો બન્ને એક સમાન ઘટના છે. બાળકના મનોવલણોને ગુસ્સો બહુ ઝડપથી પ્રભાવિત કરે છે. ગુસ્સાનો ભોગ બનવાથી બાળક સાહસવૃત્તિ, મૌલિકતા, નિખાલસતા, અભિવ્યકિત, નિઃસંકોચપણુ અને આત્મવિશ્વાસ ગુમાવવાની સ્થિતિમાં મૂકા છે. ઈર્ષાના ભોગ બનેલા બાળ કોમાં પછીથી વિચિત્ર પરિવર્તનો પણ જોવામાં આવ્યા છે. જે માતા–પિતા બાળક પરના પોતાના ગુસ્સાને કાબૂમાં રાખી શકતા નથી તેઓ તેના ભવિષ્યને ગંભીર નુકસાન કરે છે. બાળક પર ગુસ્સો કરવાનો થાય એવા પ્રસંગો તો બાળ ઉછેર દરમિયાન વારંવાર આવવાના, પણ એક સામાન્ય દંપતી જે ભૂલ કરી બેસે તે એક આદર્શ દંપતી કરતુ નથી. બાળ ક જયારે વાંકમાં આવે ત્યારે તેને તેના દોષથી મુકત કરવાની જવાબદારી માતા–પિતાની થાય છે અને બાળ કની એ દોષ મુકિત માટે માતા–પિતાની થાય છે અને બાળ કની એ દોષ મુકિત માટે માતા–પિતાએ નવા સદ્ગુણોનો એને પરિચય કરાવવો પડે છે, જે સદ્ગુણો માતા–પિતાએ પોતાના વર્તન દ્વારા, વાતો દ્વારા નહિ, બાળકનાં હૃદયમાં ઉતારવાના હોય છે એ થોડો સમય લેનારી પ્રક્રિયા છે. ગુસ્સાના બે–ચાર આકરા વચનોની તુલનામાં બાળકનાં ભાવિ જીવનને ઉપકારક એવો ગુણપરિચય જ આપણે એને આપેલા સાચા આશીર્વાદ છે.

**બાલમિત્રો,**



બાળ અવસ્થામાં તન, શરીર, સુખ મહત્વનું ગણાઈ છે. શરીર તંદુરસ્ત, નિરોગી રહેવું જરૂરી છે. કહેવત છે ને પહેલું સુખ જાતે નર્યા.'' શરીરનું સુખ સાચુ સુખ છે. ધન–દોલત, પદ બધું જ નકામું છે. જો શરીર સારૂં ન હોય તો, એટલે જ બચપણમાં શરીરને કક્ષવું જોઈએ, કસરત, યોગ, રનીંગ, આપણામાં જવું જોઈએ. જેથી શરીર સુદર બને જેથી મન, બુદ્ધિ, તંદુરસ્ત રહેશે. જીવન પણ આનંદમય બનશે.

આ માટે બાળમિત્રો કેટલીક બાબતોનું ધ્યાન રાખીએ, જેમ કે સવારે વહેલા ઉઠવું, કસરત કરવી, વ્યાયામ કરવો, દોડવું, દેશી રમતો રમવી, બહારનું ખાવાનું બંધ કરવું, ફાસ્ટ ફુડ તો કદી નહિ, સમય પ્રમાણે મૌષ્ટિક ભોજન લેવું, અભ્યાસ કરવો, રાત્રે વહેલા સુઈ જવું શકય એટલું પ્રભુ ભવન કરવું, મોબાઈલ, ટી.વી.નો ઉપયોગ મર્યાદામાં કરવો. આનંદમાં રહેવું, વડીલોને માન, સન્માન આપવા, દેવદર્શન કરવા આ જ છે. આપણી તંદુરસ્તીનો ઉપાય સમજાય તો આજથી જ અમલ શરૂ કરો.

## મારો યાદગાર પ્રવાસ (સાઈકલ પ્રવાસ)

મારું નામ રાઠોડ એન્જલ છે અમે ર ઘણા સમયથી આરસીસીમાં જોડાયેલા છીએ. અમારા સાહેબ શ્રી કાચા સાહેબ છે. આર.સીસીમાં ઘણાં બધા બાળકો રમત–ગમત ચિત્ર સ્પર્ધા તેમજ રવિવારે આર.સી.સી.ની સાથે વાર્તા રે વાર્તાનો પણ કાર્યક્રમ હોય છે અને આ દરેક પ્રવૃતિમાં હું ભાગ લઉં છું આ પ્રવૃતિઓમાં વિજેતાઓને સન્માનિત કરવામાં આવે છે. હું પણ એક ટૂકડીની લીડર છું મારી ટૂકડીમાં ૨૦ વિદ્યાર્થીનીઓ છે. આમ તો અમારા આર.સી.સી.માં ઘણી પ્રવૃતિઓ કરાવે છે. તેમા આ વખતે અમારા સાહેબ શ્રી રવજીભાઈ કાચાએ એક સુંદર સાઈકલ પ્રવાસનું આયોજન કરેલ હતું. તેમ અમારા સાહેબે સલાહ સુચનો આપ્યાતા. આ પ્રવાસ અમરેલીનાં રમત ગમતનાં મેદાન (પેવેલીયન)થી લઈને ખોડિયાર મંદિર સુધીનો હતો.

આ પ્રવાસ કરવા માટે અમે ઉત્સુક હતા. અમે રવિવાર સવારે પોતાની સાઈકલો લઈને પેવેલિયને એકઠા થયા ત્યા અમારા સાહેબે બધા વિદ્યાર્થીઓને ડાબી બાજુ સાઈકલ ચલાવવાનું સુચન કર્યુ હતું અને અમે અમારો પ્રવાસ શરૂ કર્યો સૌપ્રથમ અમે ઠેબી ડેમ પાસે પહોંચ્યા ત્યાં ડેમની અંદર ઘણું બધું પાણી જોયું અને ધીમે ધીમે અમે આગળ વધ્યા અડધી કલાક સાઈકલ ચલાવતા ચલાવતા અમે ખોડિયાર મંદિરે પહોંચ્યા. અમે ત્યાં જઈને ખોડિયાર માતાના દર્શન કર્યા ત્યારબાદ સાહેબે અમને અલગ અલગ રમત–ગમત રમાડી એમાં મેં તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું ઘણી બધી રમતો રમ્યા બાદ અમે સૌએ ઘરેથી લાવેલ નાસ્તો કર્યો ૩–૪ કલાક રોકાયા બાદ અમે ઘર તરફ જવા નીકળ્યા ત્યાં જે દાદા હતા તેણે ગરબા રમવા કહ્યું અમે ગરબા પણ રમ્યા.

રસ્તામાં અમે શકિત કોર્ટન મીલની મુલાકાત લીધી. ત્યારબાદ કેવી રીતે કપાસનું તેલ બને છે તે સમજાવામાં આવ્યું. ત્યારબાદ તેમાંથી જે ખોળ નીકળ તેને પૌષ્ટિક આહાર તરીકે ગાયો–ભેંસોને ખવડાવવામાં આવે છે. આવી રીતે જે રૂ હોય છે. જેને પેક કરી દેશ–વિદેશમાં મોકલવામાં આવે છે.ત્યારબાદ અમે અમે અમારા ઘર તરફ રવાના થયા અને પેવેલિયન પહોંચી અમારા સાહેબે દરેક બાળકોને ઘરે જવાની મંજુરી આપી. આમ આ પ્રવાસમાં ખૂબ જ મજા આવી.

**નામ : રાઠોડ એન્જલ એમ.**
**ધો.:૭ શાળા :રૂપાયતન પ્રા. શાળા**

## ૦૩ રાસબિહારી બોઝ

**જન્મ : ૨૫ મે, ૧૮૮૬**
**મહાપ્રયાણ : ૨૧ જાન્યુઆરી, ૧૯૪૫**




રાસબિહારી બોઝનો જન્મ ૨૫ મે, ૧૮૮૬ના રોજ થયો હતો. રાસબિહારી બોઝ બંગાળના વર્ધમાન જિલ્લાના સુબાલદહ ગ્રામના વતની હતા. નોકરીની શોધમાં તેઓ ઉત્તર ભારતમાં જઈ ચડેલા. શિમલામાં એક છાપખાનામાં નોકરી મળી પણ તેમાં ન ફાવ્યું એટલે દેહરાદુનમાં વનવિભાગમાં જોડાયા. આ નોકરી એમને ગમતી થઈ પડી. કારણ કે બાળ પણથી તે દેશભકિતના રંગે રંગાયેલા હતા અને યુવાન થતાં ક્રાંતિકારી બનવાનો તેમનો વિચાર હતો. અને આ નોકરીના સ્થાને તેની પ્રયોગશાળ ામાં બામ્બ બનાવવાનું શીખી શકાય તેમ હતું. અહીંની પ્રયોગશાળાના અધ્યક્ષ પૂરનસિંહના માધ્યમથી તેઓ પંજાબના ક્રાંતિકારી ઓના સંપર્કમાં આવ્યા. વિષ્ણુ ગણેશ પિંગળે સાથે મળી ગદર ચળ વળમાં તેમણે સક્રિય ભૂમિકા ભજવી. ૧૯૧૨માં દિલ્હીમાં વાઈસરાય હાર્જિંગ પરના હુમલામાં અને ૧૯૧૩માં લાહોરના લોરેન્સ ગાર્ડનના બામ્બ વિસ્ફોટમાં તેઓ પ્રમુખ સૂત્રધાર રહ્યા. એક સાથીની કમજોરીને કારણે વર્ષ પછી ષડયંત્રનો ભાંડો ફૂટયો. સરકારે વિસ્ફોટકારીઓની ધરપકડ કરવા માંડી. રાસબિહારી પોલીસને થાપ આપી બંગાળ તરફ ચાલ્યા ગયા. પાસપોર્ટમાં પ્રિયનાથ ઠાકુર નામ લખાવી ત્યાંથી રવીન્દ્રનાથ ટાગોર સાથે જાપાન પહોંચી ગયા. ૧૯૧૬થી ૧૯૨૩ સુધી જાપાનમાં બનાવટી નામ હાયસી ઈયોરો રાખીને જીવન ગુજાર્યુ. આ સાત વર્ષના ગાળામાં તેમણે સત્તર વખત પોતાનું સ્થળ બદલવું પડયું. બાદમાં તેમણે જાપાનનું નાગરિકત્વ પ્રાપ્ત કરી લીધું. જાપાની ભાષા શીખીને તેમાં કેટલાંક પુસ્તકો પણ લખ્યાં, જેના દ્વારા જાપાનમાં અંગ્રેજો વિરૂદ્ધ વાતાવરણ ઊભું કર્યુ. એશિયાઈ યુવક સંઘનું નિર્માણ કરીને એશિયાઈ દેશોને અંગ્રેજો વિરૂદ્ધ લડવાનો સંદેશો આપ્યો. આ પછી તેમણે ભારતીય સ્વાધીનતા પરિષદની સ્થાપના કરી. તેની અંતર્ગત યુદ્ધ પરિષદ નામની એક અલગ શાખા અસ્તિત્વમાં આવી, જેના દ્વારા સૈનિકોનું સંગઠન કરીને તેમનામાં અંગ્રેજો વિઢદ્ધ આક્રોશ ઉત્પન્ન કરવાનું અભૂતપૂર્વ કાર્ય કરવામાં આવ્યું. આ યુદ્ધ પરિષદમાંથી પ્રેરણા લઈને સુભાષચંદ્ર બોઝે ૨૧ ઓકટોબર, ૧૯૪૩ના દિવસે આઝાદ હિન્દ ફોજની રચના કરી. જાપાન સરકાર પર દબાણ કરીને તેમણે જ સુભાષચંદ્ર બોઝને જર્મનીથી જાપાનમાં બોલાવ્યા હતા. ભારતમાં આ બંને નેતાઓ ક્યારેય મળ્યા જ નહોતા. ૪ જુલાઈ, ૧૯૪૩ના દિવસે સિંગાપુરના કૈથો ભવનમાં એક સમારોહ યોજી આઝાદ હિન્દ આંદોલનની બાગડોર તેમણે સુભાષબાબુને સોંપી દીધી. સતત દોડધામને કારણે તેમનું શરીર કથળ્યું. એમાં પત્ની અને પુત્રનાં મૃત્યુના કારમા આઘાત ઉપરાઉપરી સહન કરવાના થયા. ભારતમાતાની આઝાદી ઝંખતા આ ક્રાંતિકારી આઝાદીનાં બે વર્ષ પૂર્વે જાપાનની ધરતી પર ૨૧ જાન્યુઆરી, ૧૯૪૫ના રોજ અવસાન પામ્યા.




## ગ્રહોની સહેલ

તે પણ દરેક પ્રસંગોને ઉત્સાહપુર્વક માણતો. દરેક લોકો સાથે પ્રેમથી વર્તતો. રમેશમાં પ્લમ્બર કામની આગવી સુઝ હતી. દસમાં ધોરણ પછી શહેરમાં જઈને તેણે પ્લમ્બરનું કામ શરૂ કર્યુ. શરૂઆતમાં બે ત્રણ વર્ષે તેણે છુટક પ્લમ્બર તરીકે કામ કર્યુ. પછી તેની હોશિયારી અને આવડતથી પ્લમ્બર કામનાં કોન્ટ્રાકટર મળવા લાગ્યા.સુરેશ એન્જિનિયર થઈ ગયો અને નોકરીએ લાગ્યો. ત્યાં સુધીમાં મહેશ અને રમેશે પણ પોતપોતાનાં ક્ષેત્રમાં સારી નામનાં મેળવી લીધી હતી.એક દિવસ વેકેશનમાં સુરેશ, મહેશ અને રમેશ ત્રણેય મિત્રો પોતાનાં ગામ આવ્યા હતા. પાદરમાં આવેલા નાના બગીચે રાત્રે ત્રણેય મિત્રો મળ્યા અને પોતપોતાનાં ધંધાની વાતો કરવા લાગ્યા.સુરેશે ગર્વથી વાતની શરૂઆત કરતાં કહયું કે, હું એન્જિનિયર છું અને વર્ષે દસેક લાખ મારી આવક છે. પણ તમારા જેવા મારે એકેય મિત્ર નથી. પૈસા સિવાય અભિયાન કરી શકાય તેવું મારી પાસે કશું નથી.હવે નિરાશ વદને વાતને આગળ વધારતાં નમ્ર ભાવે બોલ્યો : 'સગાવહાલા પણ મારા ઘરે આવતાં નથી. લોકો મને ઘમંડી માને છે. સોસાયટીનાં કોઈ ફંકશનમાં પણ હું સક્રિય ભાગ લઈ શકતો નથી. મારા કોઈ મિત્ર નથી. ફકત સામાજિક સ્ટેટ્સ જ મારૂં ઉંચુ છે.''''ના ના મિત્રની વાતથી ખોટું નહિ લાગે તું બેધડક કહે.'' સુરેશ બોલ્યો.''તો સાંભળ.'' રમેશ વાતની શરૂઆત કરતા બોલ્યો.''નાનપણથી જ તે ફકત ભણવામાં ધ્યાન રાખ્યું છે. અમારી સાથે કયારેય બહાર રમવા પણ આવ્યો નથી. સામાજિક પ્રસંગોમાં પણ તે ખુદ હાજરી આપી નથી. તારૂં અને તારા પપ્પાનું ધ્યાન એક માત્ર પૈસા પર જ કેન્દ્રિત હતું. ફકત ભણવાની લ્હાયમાં તે બીજું ઘણું બધું ગુમાવ્યું છે. ભણવું તો જોઈએ પણ ભણવા સાથે રમતગમત અને અગત્યનાં સામાજિક પ્રસંગોમાં ઉપસ્થિત રહેવું પણ એટલું જ જરૂરી છે. ફકત પૈસા જ જીવનમાં સર્વસ્વ નથી. ખેલદિલી, લાગણી વગેરે પણ એટલા જ જરૂરી છે. રમત વિના ખેલદિલી, લાગણી વગેરે પણ એટલા જ જરૂરી છે. રમત વિના ખેલદિલી, લાગણી વગેરે પણ એટલા જ જરૂરી છે. રમત વિના ખેલદિલી ન આવે અને સામાજિક પ્રસંગોમાં ગયા વિના લાગણીની અનુભૂતિ ન થાય.આપણો સર્વાંગી વિકાસ થવો જોઈએ. જેમાં પૈસા, ખેલદિલી અને લાગણી વગેરે બધુ આવી જાય.'' એક શ્વાસે રમેશ બોલી ગયો. સુરેશને સંબોધી મહેશ પણ કહેવા લાગ્યો, ''તુ દસ લાખ કમાય છે. તે સારી બાબત છે. હું અને રમેશ પણ દસ લાખ જેટલા જ કમાઈએ છીએ. આપણા ત્રણેયની કમાણી લગભગ સરખી જ છે. અને અમને બંનેને જીવન જીવવાની પણ મજા આવે છે.રમેશ અને મહેશની વાત સાંભળી સુરેશ બોલ્યો.''હું પણ હવે મારો સર્વાંગી વિકાસ કરીશ.''






## ૨૭ મી જાન્યુઆરી

**રાણવા વંશ જનકભાઈ**
**ધો.૭/બી, સ્કુલઃ રૂપાયતન પ્રાશાળા**

આપણા દેશમાં બે પ્રકારના તહેવાર ઉજવાય છેઃ ૧) સામાજીક તહેવાર, ૨) રાષ્ટ્રીય તહેવાર.. સામાજીક તહેવાર સમાજ ઉજવે અને રાષ્ટ્રીય તહેવાર આખું રાષ્ટ્ર ઉજવે. એ જ રાષ્ટ્રીય તહેવાર માનો એક તહેવાર ૨૬મી જાન્યુઆરી પણ છે. કે જેને આપણે પ્રજાસતાક દીન તથા ગણતંત્ર દીન થી પણ ઓળ ખીયે છીએ. આ ૨૬ મી જાન્યુઆરીના દિવસે આપણા દેશને કેમ ચલાવવું, દેશનો વહિવટ કેમ કરવો તથા દેશના કાયદા–કાનુન એ બધા પર અમલ કરવામાં આવ્યો.

૧૫ મી ઓગસ્ટ ના દીન બાદ આખું ભારત ખુશી હતું કારણ,કે જે અંગ્રેજો એ બે સદી જેટલા સમય સુધી ભારતમાં રોજ ભારતમાં રાજ કર્યુ તે જ અગ્રેજો ૧૯૪૭ ૧૫મી ઓગસ્ટ ના રોજ ભારતને ઘોષીત કરી તેઓએ ભારત પરથી કબજો છોડયો.

દેશ તો આઝાદ થયો પણ ભારત દેશ ને ચલાવવો સહેલી વાત ન હતી . આ ભારત દેશ ખુબ જ વિશાળ છે. તેથી એના પર હુકુમત કરવા કાયદા–કાનુન બનાવવા તથા તેને ચલાવવા માટે એક એવો માણસની શોધ હતી કે જે આ વિશાળ દેશને ચલાવવા માટે થોડા કાયદા–કાનુન બનાવી શકે તે જ સમયે એક એવો માણસ હતો કે જે પોતાના સમાજ માટે ખુબ જ ભણયો હતો અને જેણે અનુસુચિત જાતી અને અનુસુચિત જનજાતિના જીવન માટે ઘણા કાર્યો કર્યા હતા. આ એ જ માણસ હતા કે જેને આપણે બંધારણના ઘડવૈયા તરીકે પણ ઓળખીયે છીએ. ડો.બાબાસાહેબ આબેડકર. ડો.બી.આર.આબેડકર જ (ડો.બાબાસાહેબ આબેડકર) એવું કામ કરી બતાવ્યું કે જે કોઈ કરી ન શકયુ.

આખરે ૧૯૫૦ માં ૨૬મી જાન્યુઆરીના રોજ ડો.બાબાસાહેબ આબેડકર દ્વારા બનાવાયેલા બંધારણ પર અમલ કરવામાં આવ્યો. ત્યારબાદ આ ૨૬ મી જાન્યુઆરી એટલે કે આપણો ગણતંત્ર દિન પણ એક રાષ્ટ્રીય તહેવાર બન્યો. અને સૌ આ તહેવારને શોખથી ઉજવે છે.

**''જય હિંદ , જય ભારત''**

# વિચાર શકિતનું તત્વજ્ઞાન

## વિચાર શકિત (THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

**૫. સેવાને આધ્યાત્મિક પ્રગતિ માટે સંકલ્પ શકિત**

જેવી રીતે દુન્યવી વાતચીત અને ગપ્પા મારવાનાં નકામી શકિત વેડફાઈ જાય છે, તેવી જ રીતે નકામા વિચારોમાં પણ શકિતનો દુરપયોગ થાય છે.

માટે તમારે એકે નકામો સંકલ્પ કરવો ન જોઈએ. ખોટા સંકલ્પો કરવામાં તમારી શકિતનો જરા પણ ભાગ ગુમાવો નહિ.

બધી માનસિક શકિતને જાળવી રાખો, તેને ઈશ્વરના ધ્યાન, બ્રહ્મચિંતન ને બ્રહ્મવિચારના ઉચ્ચ આધ્યાત્મિક કાર્યમાં વાળો, બધી સંકલ્પશકિતને સાચવી રાખી તેનો ધ્યાન અને મનુષ્યજાતિને આવશ્યક સેવાકાર્યમાં ઉપયોગ કરી.

તમારા મનમાંથી બધા બિન ઉપયોગી, નકામાને દુષ્ટ વિચારોને હાંકી કાઢો, નકામા વિચરો તમારી આધ્યાત્મિક પ્રગતિને આડે આવે છે. તે તમારા આત્માના વિકાસની આડે પડેલા પથ્થર સમાન છે.

જયારે તમારા મનમાનં નકામા વિચારો ચાલતા હોય, ત્યારે તમે તેટલા ઈશ્વરથી દુર છો. માટે ઈશ્વર સંબંધી સંકલ્પોને જ મનમાં સ્થાન આપો. જે સંકલ્પો તમને મદદગાર કે ઉપયોગી થઈ શકે તેમ હોય તેવાને જ આવકારો.

ઉપયોગી સંકલ્પો આધ્યાત્મિક વિકાસ અને પ્રગતિને માર્ગે આગળ વધવા માટે સીડીરૂપ છે. મનને જુને ચીલે ચાલવા દો નહિ, નહિતર તે પોતાની જુની ટેવો કદી છોડશે નહિ, હંમેશા ડગલે ને પગલે સાવધાન રહો.

**૬. શુભસંકલ્પો દ્વારા દુનિયાને સહાય કરો :**

સમાન ગુણશીલવાળા પરસ્પર એકબીજાને આકર્ષે છે. જો તમે ખરાબ વિચારને સેવશો. તો તે વિચાર બીજા બધા પ્રકારના ખરાબ સંકલ્પોને આકર્ષશે. તમારી પાસેથી બીજાઓને પણ તે સંકલ્પો તમે આપો છો.

સંકલ્પ એ ગતિશીલ વસ્તુ છે. તે જીવતી જાગતી વિદ્યુતશકિત છે. સંકલ્પ પોતે જ એક વસ્તુ છે. તમે તમારા મનને એક ભવ્ય સંકલ્પના ચિતનમાં રોકશો તો આ સંકલપ બીજાઓના શુભ સંકલ્પોને પણ તમારી પ્રત્યે આકર્ષશે. ઉપરાંત, તમે તે શુભ સંકલ્પ બીજાને આપી શકશો.

તમારા અશુભ સંકલપોથી તમે દુનિયાને બગાડો છો., અને તમારા શુભ સંકલ્પોથી તમે દુનિયાને મદદ કરો છો.

**૭. સંકલ્પસિદ્ધિ દ્વારા નવસંસ્કૃતિનું નિર્માણ**

સંકલપ મનુષ્યને ઘડે છે. સંકલ્પ જ સંસ્કૃતિને સર્જે છે. જીવનના પ્રત્યે મહાન બનાવની પાછળ શકિતશાળી સંકલ્પબળ રહેલું હોય છે. અને દુનિયાના ઈતિહાસના દરેક મહાન બનાવનું પણ તે જ કારણ છે.

દુનિયાની બધી શોધખોળ ો, દરેક ધર્મ અને તત્વજ્ઞાન, દરેક જીવનરક્ષણ અને જીવનઘાતક પ્રવૃતિની પાછળ સંકલ્પ જ હોય છે.

સંકલ્પ વાણી દ્વારા બહાર બનાવી શકાય છે. અને કર્મ દ્વારા જીવનમાં ઉતારી શકાય છે. શબ્દ એ સંકલ્પ ને મદદ કરનાર સેવક જેવો છે. અને કર્મ એ તેનું છેવટનું પરિણામ છે. માટે જ "જેવા તમે સંકલ્પ કરશો, તેવા જ તમે બનશો. " આ કહેવત પ્રચલિત બની છે.

નવી સંસ્કૃતિનું નિર્માણ કેવી રીતે કરવું ? નવી સંકલ્પશકિત ઉત્પન્ન કરીને.

મનુષ્યજાતિને શાંતિ આપે, સમાજને સમૃદ્ધ બનાવે, અને મનુષ્યને મુકિતને માર્ગે લઈ જાય એવી સંસ્કૃતિ કેવી રીતે ઉત્પન્ન થઈ શકે ? આ માટે એવું સંકલ્પબળ ઉત્પન્ન કરવું પડશે. કે જેના પરિણામે દરેક મનુષ્ય માનસિક શીત અનુભવે, હૃદયમાં દયા આદિ દિવ્ય સદગુણોને ધારણ કરી શકે, પોતાના જાતિભાઈઓની સેવા કરે અને ઈશ્વરને ચાહી છેવટે તેનો સાક્ષાત્કાર કરી શકે.

નિરૂપયોગી કામધંધા અને વિનાશક પ્રવૃતિઓની પાછળ જે દ્રવ્ય અને કાળનો દુર્વ્યય કરવામાં આવે છે. તેનો અમુક અંશ પણ જો શુભ સંકલ્પ પાછળ ખરચવામાં આવે તો અત્યારે જ નવસંસ્કૃતિનું નિર્માણ થાય.

અણું બોમ્બ અને હાઈડ્રોજનબોમ્બ અને તે જ પ્રકારની બીજી શોધખોળો મનુષ્યને ચોકકસ તેના નાશ પાસે ધકેલી રહી છે.

તે તમારા પૈસાનો દુર્વ્યય કરે છે, તમારા પાડોશીઓનો નાશ કરે છે, આખી દુનિયાના વાતાવરણને કલુષિત કરે છે અને તમારા હૃદયમાં ભય, તિરસ્કાર ને શંકાને ઉત્પન્ન કરે છે. પરિણામે તમારૂ મન સમતુલા ગુમાવી બેસે છે. અને રોગને વશ થાય છે. મનના આ વલણને અટકવો. આધ્યાત્મિક માર્ગે શોધખોળોને ઉતેજન આપો. તેવી જ રીતે ધર્મ તેમ જ જીવનની બધી સારી વસ્તુઓને ટકાવી રાખવાનો પ્રયાસ કરો. તત્વ વેતાઓને અને સંતોને માન આપો, કારણ કે તેઓ મનુષ્યજાતિના સાચા ઉધ્ધારકો છે. તેમને ધર્મનાં અભ્યાસમાં તેમજ પ્રાચીન આધ્યાત્મિક સાહિત્યના સંશોધનમાં ઉતેજન આપો, કારણ કે લોકોનાં હિત માટે મહાન સંકલ્પશકિતનું તેઓ નિર્માણ કરે છે.

યુવાનોના મનને ભ્રષ્ટ કરનાર દરેક સાહિત્ય પર પ્રતિબંધ મુકો. તેમનાં મનને તંદુરસ્ત વિચારોને આદર્શોવાળુ સાહિતય પુરૂ પાડો.

જે મનુષ્ય ખુબ કરે, જે તમારા પૈસા ચોરે, જે તમને છેતરે તેને કાયદો શિક્ષા કરે છે. પણ દુષ્ટ બુદ્ધિવાળો મનુષ્ય યુવાનોનાં મનમાં દુષ્ટ સંકલ્પોને પ્રેરવાનું જે દુષ્કૃત્ય કરે છે. તેની સરખામણીમાં ઉપરનાં બધા ગુના ક્ષુજ્ઞ છે.

તે તો દુનિયા ઉપર જ અનેક ખુબ થયા છે. તેનો પ્રેરક છે. તે જ્ઞાનરૂપી તમારી સર્વોતમ સંપતિને ચોરી લે છે. તે અમૃતને નામે તમને ઝેર આપીને છેતરે છે. નવી સંસ્કૃતિના કાયદાઓ આવા આસુરી જીવોને સખત શિક્ષા કરશે.

જે લોકો તત્વજ્ઞાન, ધર્મને અધ્યાત્મશાસ્ત્ર શીખવાની રૂચિવાળા હોય તેમને નવી સંસ્કૃતિ દરેક પ્રકારની સગવડ આપશે. અને શાળાઓ તેમજ કોલેજોમાં આનો અભ્યાસ ફરજિયાત કરશે. તે તત્વજ્ઞાન અભ્યાસસઓને સ્કોલરશિપો આપશે. જેઓ ધર્મ અને તત્વજ્ઞાનમાં શોધખોળ કરે તેમને તે પારિતોષિકો અને ખિતાબો આપશે. મનુષ્યના હૃદયના અંતસ્થલમાં રહેલી આધ્યાત્મિક વૃતને પુરેપુરી ખીલવી સાક્ષાત્કાર માટે પ્રયત્નશીલ બને તે માટે દરેક યોજનાને તેમાં સ્થાન હશે.

આ નવસંસ્કૃતિના ફળ એટલા મહાન અને મધુર છે કેતે મેળવવા માટે દરેક મનુષ્યે આ સંસ્કૃતિના નિર્માણમાં પોતાનો ફાળ ો આપવો જોઈએ. આ સસ્કૃતિમાં દરેક મનુષ્ય ધાર્મિક જીવન જીવવાનો, પોતાના જાતિભાઈઓની સેવા કરવાનો અને પોતાની સંપતિ બીજાઓ સાથે ભોળવવાનો આતુરતાપુર્વક પ્રયાસ કરેશ. તે સર્વને ચાહશે. કારણ કે દરેકમાં હૃદયમાં પોતાનાં જ આત્મા રહેલો છે. અનુ તેને ભાન હશે. આથી તે બધા પ્રાણીઓના હિતમાં માટે પ્રયાસ કરશે.

જેમાં બધા લોકો પોતાની માલિકીની વસ્તુઓ બીજાઓ સાથે મળીને ભોગવતા હોય અને દરેકની સેવા કરતા હોય તે સમાજ કેવો આદર્શ હોય ! જેમાં બધા માણસો સ્વૈચ્છાપુર્વક બીજાઓની સેવા કરવાને તૈયાર હોય તેમાં કર અને ટેકસની જરૂર કેવી ? જયારે લોકો સદગુણમાં જ આસકત હોય ત્યારે પોલીસ અને લશ્કર શા કામનાં ?

માટે આ જ આદર્શ છે. આ આદર્શને સિદ્ધ કરવાને માટે જ દરેક સંકલ્પબળ ઉત્પન્ન કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

ઈશ્વરના આશીર્વાદ સર્વના પર ઉતરે ! **(પૂર્ણ વિરામ)**

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો




# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૩૫૫– બે શરીરના સ્પર્શથી સુખ મલતું નથી પણ બે પ્રાણ એક થાય છે, એટલે આનંદ જેવુ લાગે છે. તો અનેક પ્રાણો જેમાં મળ્યા છે તે પરમાત્માને મળવાથી કેટલો આનંદ થાય?

૩૫૬– આત્મા પરમાત્માનુું મીલન એ પરમાનંદ.

૩૫૭– જપ અને નામ મનને સુધારશે.

૩૫૮– જપથી મનની મલિનતા અને ચંચળતા દૂર થાય છે. પરમાત્માના કોઈ નામનો દઢ આશ્રય કરો. ધ્યાન સાથે જપ કરવાથી બગડેલું મન સુધરશે.

૩૫૯–મનને વિવેકરૂપી લાકડી રોજ મારો. જીવને તૃપ્તિ ભોગથી નથી, ત્યાગથી છે. મન માગે ત્યારે મનને વિવેકરૂપી લાકડી મારશો તો મન વશ થશે.

૩૬૦– જયારે સઘળા વિષય વિલાસો ઉપર વૈરાગ્ય આવે ત્યારે સમજવું કે જીવ જગતમાં જાગ્યો છે.

૩૬૧– સત્સંગ કરો. તું સંત થા એટલે સંત તને મળશે.

૩૬૨– બ્રહ્મચર્ય અને રામનામની શકિત હોય તો આ દરિયો–આ સંસાર સાગર–ઓળંગાય.

૩૬૩– જેવી મનુષ્યની દષ્ટિ હશે તેવી તેને સૃષ્ટિ દેખાશે.

૩૬૪– સહન કરો તો સુખી થશો. અતિશય સહન કરે તે સંત.

# જ્ઞાનમંજરી

## ભારતનાં મહત્વનાં સ્થળો

(૧૨૮) ભારતનો રાષ્ટ્રધ્વજ કેટલા રંગનો બનેલો છે?– ત્રણ

(૧૨૯) ભારતના રાષ્ટ્રધ્વજમાં આવેલા અશોકચક્રમાં કુલ કેટલા આરા છે? – ૨૪

(૧૩૦) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનું રાષ્ટ્રીયકરણ કયારે કરવમાં આવ્યું ? – ૧ જાન્યુઆરી ૧૯૪૯

(૧૩૧) શાખાઓની દ્રષ્ટીએ વિશ્વની સૌથી મોટી બેન્ક કઈ છે ?– સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા

(૧૩૨)ગુજરાતી ભાષાની પ્રથમ ફિલ્મ કઈ છે? – નરસિંહ મહેતા

(૧૩૩) હિન્દી ભાષાની પ્રથમ ફિલ્મ કઈ છે?– આલમઆરા

(૧૩૪) અંગ્રેજી ભાષાની પ્રથમ ફિલ્મ કઈ છે?–નૂરજહા

(૧૩૫) પંજાબી ભાષાની પ્રથમ ફિલ્મ કઈ છે?– ઈશ્ક એ પંજાબ

(૧૩૬) સંસ્કૃત ભાષામી પ્રથમ ફિલ્મ કઈ છે?– આદિ શંકરાચાર્ય

(૧૩૭) બિનજોડાણવાદી નીતિ કયા પ્રધાનમંત્રીએ અમલમાં મુકી હતી?– જવાહરલાલા નેહરુ

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## સિદ્ધાંતોનું સંસારીકરણ ?

આદર્શો–સિદાંતો જેના લોહીમાં ઓગળી ગયા હોય,રકતકણોમાં ઉતરી ગયા હોય તેવા કેટલાક લોકો સમાજમાં મોટાભાગે 'હડદોલા' ખમતા હોય છે, ખૂબ જ સહન કરતા હોય છે. જયારે સંસારના વહેતા પ્રવાહમાં પવન પ્રમાણે પીઠ ફેરવનારા 'સગવડીયો ધર્મ' પાળનારા જય જયકાર પામતા હોય છે.જો કે, અંતે વિજય તો સત્ય,નીતી, આદર્શનો જ થતો હોય છે, પણ અંત આવી ગયો હોય છે!

પ્રાણાંતે પણ આદર્શોની બાબતમાં નમતું ન મૂકનારાઓ જ ઈતિહાસમાં સ્થાન પામતા હોય છે...ને બાકીના ગુજરી જતાં હોય છે!

# અયોધ્યા રામ મંદિર

**ખિમસુરીયા ઉર્વશી પ્રવિણભાઈ**

૧. રામ મંદિરએ એક હિન્દુ મંદિર છે જે અયોધ્યામાં ભગવાન શ્રી રામના જન્મસ્થળ પર બનાવવામાં આવી રહયું છે.

૨. ૫ ઓગષ્ટ–૨૦૨૦ ના રોજ ભારતના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભૂમિ પૂજન વિધિ કરવામાં આવી હતી એન રામ મંદિરનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું.

૩. આ મંદિર 'નાગરા' સ્થાપત્ય શૈલીમાં બાંટાવામાં આવ્યું છે.

૪. મંદિર સ્થાપત્ય સોમપુરા પરિવાર દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું.

૫.આ મંદિર ૨૨૫ ફુટ પહોળું, ૩૬૦ ફુટ લાંબુ અને ૧૬૧ ફુટ ઉંચુ હશે.

૬. આ મંદિરનાં મુખ્ય આર્કિટેકટ ચંદ્રકાંત સોમપુરા અને તેમના બે પુત્રો છે, નિખિલ સોમપુરા અને આર્શિષ સોમપુરા જેઓ પણ આર્કિટેકટ છે.

૭. રામ મંદિરમાં પ્રાર્થના હોલ, 'રામકથા કુંજ, એક વૈદિક પાઠશાળ ા એક સંતનિવાસ, એક પતિ નિવાસ'' હશે અને એક સંગ્રહાલય પણ બનાવવામાં આવ્યું હતું.

૮ માર્ચ–૨૦૨૦માં શ્રીરામ જન્મભૂમી તીર્થક્ષેત્ર પુસ્ટ દ્વારા રામ મંદિરના નિર્માણનો પ્રથમ તબકકો શરૂ કરવામાં આવ્યો હતો.

# વિશ્વાસ, રંભાબેન ગાંધી

એક આરબની પાસે મજાનો ઘોડો હતો. સુંદર ઘોડો. પાણીદાર ઘોડો.

એ ઘોડો લઈ લેવાની ઈરછા એક બીજા માનવીના મનમાં જાગી અને એણે પેલા આરબને કહ્યું કે હું તને એ ઘોડાને બદલે ઊંટ આપું, માગે તો બેચાર ઊંટ આપું પણ મને એ ઘોડો આપ.


આરબે ઘોડો આપવાની સ્પષ્ટ ના કહી.

પેલાને થયું કે આમ સીધેસીધો તો આ ઘોડો મળવાની કોઈ શકયતા નથી અને મારે તો ઘોડો જોઈએ જ છે તો લાવ કંઈક યુકિત કરું. અને તે પેલા આરબના માર્ગમા એક રોગી ફકીર–અશકત ફકીર બનીને બેઠો અને ઘોડાવાળા આરબની પ્રતીક્ષા કરવા લાગ્યો.

એક દીવસ એ જ રસ્તેથી પેલો આરબ એના ઘોડા સાથે નીકળ્યો. એને આવતો જોઈને ફકીરે બૂમો મારવા માંડી અને કહેવા લાગ્યો : કોઈ દયા કરો મારા પર,હું રોગી છું,અશકત છું મારાથી ચલાતું નથી, મને કોઈ સામે ગામ પહોંચાડવાની મહેરબાની કરો...

આ સાંભળીને આરબને દયા આવી અને તે બોલ્યો : જો આ ઘોડા પર હું તને સામે ગામ પહોંચાડીશ.આમ કહી પેલા ફકીરને ઘોડા પર બેસાડયો અને પોતે નીચે ઉતરી ઘોડા સાથે ચાલવા લાગ્યો. થોડેક ગયા હશે ત્યાં તો પેલો ફકીર ટટાર બેસી ગયો અને ઘોડાને તગડાવી મુકયો. તેની પાછળ પેલા આરબે બૂમ મારી. એને ખુદાના સોગંદ આપી ને રોકયો ને કહ્યું : ' જો ભાઈ, આ તું જ લઈ જા. એ હવે તારો થયો. તું એની સારસંભાળ બરાબર લેજે. પરંતુ આવી રીતે દગો કરીને, ધોખો દઈને વિશ્વાસઘાત કરીને, તેં ઘોડો પડાવી લીધો છે, એ વાત કોઈને કરતો નહીં. આ વાત બીજા જાણશે તો લોકોનો ગરીબ પરનો, દુ:ખી પરનો, સાધુ–સંત–ફકીર પરનો વિશ્વાસ જ ઊઠી જશે અને જરૂરીયાતવાળાને કોઈ મદદ કરવા નહી જાય.

આ સાંભળતા જ પેલાનો આત્મા જાગ્યો અને ઘોડો પાછો આપીને ચાલી ગયો.'મહાત્માપણાનો દાવો મેં કદી કર્યો નથી. તમારા સહુના જેવો જ હું એક સામાન્ય માણસ છું. અને વધારામાં તમારા કરતાં ઘણો નબળો છું. મારી તરફેણમાં ગણાવી શકાય એવો તમારી વચ્ચે ને મારી વચ્ચેનો એક ફરક છે : સંભવ છે કે ઈશ્વર વિષેની મારી શ્રદ્ધા તમારી શ્રદ્ધાના કરતાં વધારે દઢ હોય.'– ગાંધીજી




: સંપાદક :
દેવેન્દ્ર એલ. ત્રિવેદી
(પુનિતપદરજ)

# ચિત્ર વાર્તા....




ગોહિલ નિષિત ધો. ૯ (દિપક હાઈસ્કુલ)

અહિં ગોહિલ નિષિત ધો.૯ દિપક હાઈસ્કુલએ એક ચિત્ર મોકલેલ છે. તેના પરથી સુંદર વાર્તા બનાવી લખી મોકલો તો બાલ એકસપ્રેસમાં છાપીએ...

# આ મારું ચિત્ર છે









જાન્વી જયંતીભાઈ દાફડા (ધોરણ–૬–અ–રૂપાયતન સ્કૂલ, અમરેલી)

શેખવા સુર્યાશીબા પ્રવિણભાઈ ધો.૫/બી, રૂપાયતનની પીએન વોરા વિધાનીકેતન પ્રા.શાળા

### સાંસદ કાછડીયાની રજૂઆતથી

# મહુવા-સુરત વચ્ચે દોડતી ટ્રેનને અંકલેશ્વર ખાતે સ્ટોપ મંજુર થયો

## સૌરાષ્ટ્રનાં મુસાફરવર્ગને ફાયદો થશે

અમરેલી, તા. ૧૬

અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયાની રજૂઆતના ફળ સ્વરૂપે મહુવા-સુરત એકસ્પ્રેસ ટ્રેનને અંકલેશ્વર રેલવે સ્ટેશન ખાતે સ્ટોપ પ્રદાન થયેલ છે.

આ તકે સાંસદએ જણાવેલ છે કે, અંકલેશ્વર હાઉસિંગ એસોસિએશન અને સૌરાષ્ટ્રના લોકો તરફથી મારી સમક્ષ આવેલ રજૂઆતોના અનુસંધાને મહુવા- સુરત ટ્રેનને અંકલેશ્વર ખાતે સ્ટોપેજ પ્રદાન કરવા રેલ મંત્રીઓ અને રેલવે બોર્ડને રજૂઆત કરવામાં આવી હતી.

આપણી સૌની લાગણી અને માંગણીને ધ્યાનમાં લઈ રેલવે બોર્ડ તરફથી તા.૧૬/૨/૨૦૨૪ ના



નોટીફીકેશન/પત્રથી મહુવા-સુરત ટ્રેન નં. ૨૦૯૫૫/૫૬ ને અંકલેશ્વર ખાતે સ્ટોપ પ્રદાન કરવામાં આવેલ છે. જે બદલ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય કેબિનેટ રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવજી અને કેન્દ્રીય રાજય રેલ મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશજીનો સહૃદય આભાર વ્યકત કરું છું.

અંકલેશ્વર ખાતે રહેતા તેમજ વ્યવસાય કરતા સૌરાષ્ટ્રના લોકોને આ સ્ટોપેજ થી ખૂબ જ લાભ મળશે. તેમ સાંસદ નારણભાઈ કાછડીયાએ તેમની અખબારી યાદીમાં જણાવેલ છે.

# અમરેલી જિલ્લામાં તા.૧૯ ફેબ્રુઆરી સુધી સાંસદ ખેલ સ્પર્ધા યોજાશે



અમરેલી તા.૧૬

રાજયસભા સાંસદ અને કેન્દ્રીય મત્સ્યપાલન, પશુપાલન તથા ડેરી ઉદ્યોગના મંત્રી પરષોતમભાઈ રૂપાલા દ્વારા જિલ્લાના રમતવીરો માટે જિલ્લાના દરેક તાલુકામાં આગામી તા.૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી સાંસદ ખેલ સ્પર્ધાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં કબડ્ડી, ચેસ, યોગાસન, એથ્લેટિક્સ, રસ્સાખેંચ, ખો-ખો, વોલીબોલમાં અલગ અલગ બે વયજૂથમાં ભાઈઓ અને બહેનો માટે વિવિધ રમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ વિવિધ પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા તાલુકા કક્ષાએ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો, સાંસદ ખેલ સ્પર્ધામાં દરેક ખેલાડીઓ ઉત્સાહભેર જોડાયા હતા. દરેક તાલુકામાં તા.૧૯/૨/૨૦૨૪ સુધી તાલુકા કક્ષાની સ્પર્ધાઓ શરૂ રહેશે. દરેક તાલુકામાંથી વિજેતા થયા હોય તેવા ખેલાડીઓ દ્વારા આગામી સમયમાં યોજાનારી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે આવશે. આ સાંસદ ખેલ સ્પર્ધાનો ઉદ્દેશ જિલ્લાના રમતવીરોમાં રહેલ સુષુપ્ત શકિતઓને બહાર લાવવાનો છે. યોગ્ય પ્રતિભાઓને શોધી તેને યોગ્ય તક મળી રહે તે નેમ છે, તેમ અમરેલી જિલ્લા રમત વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યુ છે.

### રાજય સરકાર અને ધોળકીયા ફાઉન્ડેશન દ્વારા

# ગાગડીયો નદી પર ચાલતા જળ સંચયનાં કામોનું નિરીક્ષણ કરતા સચિવ કે.એ. પટેલ

## સચિવએ કહ્યું બીજા લોકોને પણ આ કામગીરી નિહાળી પ્રેરણા મળશે

લીલીયા, તા. ૧૬

લાઠી તાલુકાનાં અકળાથી લીલીયા તાલુકાનાં સનાળીયા સુધીનાં ગાગડીયો નદી વિસ્તારમાં રાજય સરકાર અને ધોળકીયા ફાઉન્ડેશન દ્વારા નોંધનીય જળ સંચયની કામગીરી ચાલી રહી છે તેને નિહાળવા ગાંધીનગરથી જળ સંચય વિભાગના સચિવ કે.એ. પટેલ, સૌરાષ્ટ્ર ચિફ એન્જી. એચ.યુ. કલ્યાણી, એસ.જે. ગુપ્તા સિનીયર એન્જી., સી.એ. ચાવડા, એ.બી. રાઠોડ, અવનીત કયાડા, નિસીત આસોદરીયા સહિતનાં અધિકારીઓએ લાઠી તાલુકાના અકાળા, કૃષ્ણગઢ, લુવારીયાથી લીલીયા તાલુકાનાં અંટાળીયા, સાજણટીંબા, ભેંસાણ, બોડીયાથી સનાળીયા સુધી ગાગડીયો નદી પર ચાલી રહેલી જળસંચય કામોનું નિરીક્ષણ કર્યુ હતું. અહીં ચાલી રહેલી જળસંચય કામોનું નિરીક્ષણ કર્યુ હતું. અહીં ચાલી રહેલ જળ સંચય કામગીરી નિહાળી જળ સંચય



સચિવ કે.એ. પટેલ સહીતનાં અધિકારીઓ પ્રભાવીત થઈ કહ્યું હતું કે, બીજા લોકોને પણ ગાગડીયો નદી પર થઈ રહેલ કામગીરી નિહાળી પ્રેરણા મળશે. આ તકે ધોળકીયા ફાઉન્ડેશનનાં નિતીનભાઈ સાવલીયા, કનકભાઈ પટેલ સાથે રહી જળસંચય કામગીરીની માહિતી પુરી પાડી હતી.

### રાજયકક્ષાનો કાર્યક્રમ રાજકોટ ખાતે યોજાશે

# રાજયમાં વિજ્ઞાન જાથા રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી કરશે

## વિજ્ઞાન રેલી, નિબંધ, વકતૃત્વ, ચિત્ર સ્પર્ધાઓ યોજાશે

અમદાવાદ, તા. ૧૬

ભારત સરકાર દ્વારા ૨૮ મી ફેબ્રુઆરીએ દેશભરમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર અને રાજયના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા અનેકવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમો દ્વારા રાષ્ટ્રના ઘડતરમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિકોનું પ્રદાન સાથે વિજ્ઞાન પ્રચાર-પ્રસાર સાથે અંધશ્રદ્ધા નિવારણાર્થે કાર્યક્રમોનું આયોજન થાય છે.

ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ બુધવાર તા. ૨૮ મી ફેબ્રુઆરીએ રાજયમાં વિજ્ઞાન રેલી, વકતૃત્વ, નિબંધ, ચિત્ર સહિત લોકચળવળ માટેના કાર્યક્રમો યોજવાના છે. રાજકોટમાં કાલાવડ રોડ ઉપર મામલતદાર કચેરીની પાછળ, ન્યુ પરિમલ સ્કૂલના સહયોગથી વિજ્ઞાન રેલીનું ભવ્ય આયોજન સાથે શહેરમાં વિવિધ સ્પર્ધાઓ દ્વારા આયોજનો નક્કી કરવામાં આવ્યા છે. રાજયકક્ષાનો કાર્યક્રમ રાજકોટ ખાતે યોજાનાર છે.


જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે રાજયમાં છેલ્લા ૩૧ વર્ષથી લોકોમાં વૈજ્ઞાનિક મિજાજ કેળવવા માટે ગામડાઓ, શહેરોમાં કાર્યક્રમો યોજાય છે. જાથા અને તેની ૧૫ શાખાઓની મદદથી અત્યાર સુધી ૧૦૦૩૧ ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમો યોજી સામાજિક ચેતનાનું વાસ્તવિક કામ લોકો સમક્ષ મુકયું છે. દેશભરમાં તા. ૨૮ મી એ ડો. સી. વી. રામનની "રામન શોધ", નોબલ પુરસ્કાર, ગૌરવભર્યું સ્થાનના કારણે ઉજવણી થાય છે. ભારતીય વૈજ્ઞાનિકોની સિદ્ધિઓ અને વર્તમાન વિજ્ઞાન ટેકનોલોજીની પ્રગતિ વિગેરે બાબતોની જાણકારી જાથા લોકો સમક્ષ મુકે છે. વિજ્ઞાનના કારણે માનવી સુખી



સંપન્ન થયો છે ત્યારે લોકભાગીદારીથી કામગીરી કરવામાં આવે છે. વધુમાં પંડયા જણાવે છે કે દેશની પ્રગતિ વિજ્ઞાન અભિગમ-દ્રષ્ટિકોણ કાર્યક્રમો અમલમાં મુકવાથી થશે. લોકોમાં વૈજ્ઞાનિક મિજાજ આવશે તો જ અંધશ્રદ્ધા દેશવટો કરશે. જાથા લોકોમાં તર્ક, સંશયનો ઉદ્‌ભવ થાય તે માટે સતત પ્રયાસો કરી રહ્યું છે. સફળતા મળી નથી ભવિષ્યમાં સિધ્ધિ પ્રાપ્ત થશે. સરકાર અંધશ્રદ્ધા વિરૂદ્ધ કાયદો બનાવે તેની તાતી જરૂરીયાત છે. સંવિધાનમાં દર્શાવેલી ફરજા પ્રત્યે સજાગતા આવે તે જરૂરી છે. રાજય અને કેન્દ્ર સરકાર, રાજકીય પક્ષો અવૈજ્ઞાનિક કાર્યક્રમો, અંધવિશ્વાસ ફેલાય તેવા આયોજનોથી દૂર રહેવું જોઈએ. ૨૧ મી સદી વિજ્ઞાન ટેકનોલોજીનો યુગ હોય તેને અનુસરવું જોઈએ. કોરોના સામે વિજ્ઞાન ઉપલબ્ધીઓ જ કામમાં આવી છે. કોઈપણ દૈવી શક્તિ, ઈલમ કે કહેવાથી ચમત્કારિક શક્તિઓ ખોખલી, બેબુનિયાદ સાબિત થઈ છે તે નજરે સૌએ જોયું છે. ભાવિ પેઢીને ધ્યાનમાં રાખી વિજ્ઞાન શિક્ષણની તાતી જરૂરીયાત છે. વિજ્ઞાન રેલીમાં રાજમાર્ગો ઉપર વિજ્ઞાન આવે અંધશ્રદ્ધા ભાગે, વિજ્ઞાન આવે ભૂત-પલિત ભાગે, ભુત-ભુવા ને ડાકલા ત્રણેય તૂતના નારા- સુત્રોચ્ચારથી લોકોનું ધ્યાન ખેંચવાનો પ્રયત્ન કરવામાં આવશે. જાથા વાસ્તવિક ફિલ્ડ ઉપર દાયકાઓથી કામ કરે છે. તેથી સરકારી તંત્ર, આગેવાનો, લોકોનો સ્વયંભુ ટેકો મળે છે તેથી હરહંમેશ સફળતા મળે છે.

રાજયમાં ૨૮ મી એ વિજ્ઞાન દિનની ઉજવણી જાથા અને તેના શુભેચ્છકોની મદદથી વિજ્ઞાનલક્ષી કાર્યક્રમો સ્થાનિક તેમજ શાળા કક્ષાએ ઉજવણી થનાર છે તેમાં જિલ્લા-તાલુકામાં રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાલનપુર, ખેડા, આણંદ, નડિયાદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, છોટા ઉદેપુર, ડાંગ, તાપી, વ્યારા, દાહોદ, લુણાવાડા, હિંમતનગર, કચ્છ-ભુજ, અરવલ્લી મોડાસા, ગીર સોમનાથ વેરાવળ, જુનાગઢ, અમરેલી, બોટાદ, ભાવનગર, સુરેન્દ્રનગર, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા ખંભાળીયા, પોરબંદર, પંચમહાલ, રાજપીપળા અને શાખાઓની મદદથી લોકચળવળ ઉભી કરવામાં આવશે. રાજકોટમાં રાજમાર્ગો ઉપર વિજ્ઞાન રેલી આકર્ષણનું કેન્દ્ર બને તેની તૈયારીમાં ન્યુ પરિમલ સ્કૂલના સંચાલક ચંદ્રકાંતભાઈ મંડીર, બ્રિજેશભાઈ મંડીર, ટ્રસ્ટીઓ, આચાર્યા અલ્પાબેન મંડીર તેમનો સ્ટાફ, જાથાના અંકલેશ ગોહિલ, દિનેશ હુંબલ, નાથાભાઈ પીપળીયા, નિર્મળ મેત્રા, ગુલાબસિંહ ચૌહાણ, હર્ષાબેન પંડયા એડવોકેટ, ભાનુબેન ગોહિલ, ભકિતબેન રાજગોર, પ્રફુલ્લાબેન ચૌહાણ સહિત સ્થાનિક કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે. રાજયમાં પોતાના ગામમાં વિજ્ઞાન દિનની ઉજવણી યોજવા ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા કાર્યાલય મંત્રીની યાદીમાં જણાવાયું છે.

# ડુંગર ગામે નવા નિમાયેલ પી.એસ.આઇ દ્વારા કરવામાં આવ્યું ફૂટ પેટ્રોલિંગ



રાજુલા, તા. ૧૬

તાજેતરમાં રાજુલા તાલુકાના ડુંગર ગામે નવા નિમાયેલ પી.એસ.આઈ કે.જી.મયા દ્વારા ડુંગર તેમજ ડોળીયા ગામના તમામ વિસ્તારોનું પેટ્રોલિંગ કરવામાં આવ્યું. ત્યારે આ પેટ્રોલિંગમાં ડુંગર પોલીસ સ્ટેશનનો સમગ્ર સ્ટાફ પણ જોડાયેલો ત્યારે આ વિસ્તારના ડુંગર તેમજ ડોળીયા ગામના આગેવાનો સાથે નવા નિમાયેલ પોલીસ અધિકારીએ મીટીંગ પણ કરેલી અને સાથે સાથે પોલીસ દ્વારા જયાં પણ જરૂર પડે ત્યાં પોલીસ હાજર હશે તેવું ગ્રામ્ય લોકોને જણાવેલું. ત્યારે ગામને લોકોને પણ કોઈપણ જાતની મુશ્કેલી હોય તો તે પણ બાબતે પોલીસને જાણ કરે તેવું નવા નિમાયેલ પોલીસ અધિકારી દ્વારા ગામના આગેવાનોને જણાવવામાં આવેલું જોકે ડુંગર અને આસપાસના તમામ ગામડાનાં આગેવાનોએ નવા નિમાયેલ અધિકારીને તમામ વિસ્તારો બાબતેની જાણકારી આપવામાં આવેલી. ત્યારે તમામ બાબતે ગામમાં આગેવાનો દ્વારા માહિતી આપવામાં આવતા અંતમાં તમામ લોકોનો આભાર વ્યકત કરેલો.

### કાનૂની સેવા સત્તા મંડળનાં ચેરમેનનાં અધ્યક્ષસ્થાને

# અમરેલી જિલ્લામાં આગામી ૯મી માર્ચે દરેક તાલુકાની કોર્ટમાં લોકઅદાલત યોજાશે

## દીવાની દાવા, ચેક રીટર્ન સહિતનાં કેસોમાં સમાધાન કરાશે

અમરેલી, તા. ૧૬

અમરેલી ખાતે તારીખ ૦૯ મી માર્ચ ૨૦૨૪, શનિવાર ના રોજ જિલ્લા કાનૂની સેવા સતા મંડળ,અમરેલીના ચેરમેન અને પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ શ્રી એમ.જે.પરાશર ના અધ્યક્ષ સ્થાને જિલ્લા અદાલત અમરેલી તેમજ જિલ્લાના દરેક તાલુકાની કોર્ટોમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. આ લોક અદાલત નો લાભ મહતમ પક્ષકારો લઈ શકે તે માટે ગુજરાત રાજય ના મુખ્ય ન્યાયમૂર્તિ અને ગુજરાત રાજય કાનૂની સેવા સતા મંડળ ના સંરક્ષક જસ્ટિસ સુનીતા અગ્રવાલ તથા ગુજરાત રાજય કાનૂની સેવા સતા મંડળ ના કારોબારી અધ્યક્ષ જસ્ટિસ એન.વી.અંજારિયા દ્વારા તમામ કાનૂની સેવા સતા મંડળ તથા કાનૂની સેવા સતા મંડળ તથા કાનૂની સેવા સમિતિ ને જરૂરી માર્ગદર્શન આપેલ છે.

આ લોક અદાલત માં રાજય ના કોઈપણ જિલ્લા,તાલુકા,ટ્રિબ્યુનલ કે હાઈકોર્ટ માં પડતર કેસ કે જેમાં મોટર અકસ્માતના વળતરના કેસ, દીવાની દાવા,ચેક પરતને લગતા કેસો,જમીન સંપાદનને લગતા કેસો,કામદાર તથા માલિકને લગતી તકરાર, માત્ર દંડથી શિક્ષાપાત્ર કેસો તથા તમામ પ્રકારના સમાધાન માટે મૂકી શકાય છે.

આ અવસરનો લાભ લેવા નજીકની તાલુકા કે જિલ્લા કે હાઈકોર્ટ માં કાનૂની સેવા સતા મંડળની ઓફિસ નો સંપર્ક કરવો અથવા ટોલ ફ્રી નંબર ૧૫૧૦૦ ઉપર સંપર્ક કરવો અથવા રાજય કાનૂની સેવા સતા મંડળ ની વેબસાઈટનો સંપર્ક કરવો.

### મહિલા સંચાલકે પ્રાંત અધિકારીને લેખિત રજૂઆત કરી

# બાબરાનાં મધ્યાહન ભોજન કેન્દ્રનાં સંચાલક પાસેથી રૂપિયા ૨૫૦૦નાં હપ્તાની માંગ કરાઈ

## મધ્યાહનનાં પ્રમુખ સામે આક્ષેપ થતાં ચકચાર મચી

બાબરા, તા. ૧૬

બાબરાનાં મધ્યાહન ભોજન યોજનાનાં મહિલા સંચાલકે લાઠીનાં પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનમાં જણાવેલ છે કે, અમારા મધ્યાહન ભોજનનાં પ્રમુખ દ્વારા અમો તમામ સંચાલક પાસે દર માસે રૂા. ૨૫૦૦/-નો હપ્તો માંગવામાં આવે છે. અને પ્રમુખ દ્વારા એવી ધમકીઓ આપવામાં આવે છે કે તમો દર મહિને હપ્તો નહિ આપો તો તમારા કેન્દ્રની તપાસ કરવામાં આવશે અને તમોને સંચાલક તરીકે સસ્પેન્ડ કરવામાં આવશે અને કેન્દ્ર ઉપર અધિકારી આવીને ગમે તે રીતે તમોને વાંકમાં લઈને પંચરોજકામ કરીને કાઢી મુકવામાં આવશે. જો હપ્તો આપી દેશો તો તમારા કેન્દ્ર ઉપર કોઈ તપાસમાં નહિ આવે અમોએ પ્રમુખને પૂછયું કે આજદિન સુધી કયારેય મધ્યાહન ભોજનમાં હપ્તા લેવામાં આવ્યા નથી. તો અત્યારે શા માટે તમો અમારી પાસે હપ્તા માંગી રહ્યાં છો તો કહ્યું કે આ હપ્તા નાયબ મામલતદાર અને ભાજપ પાર્ટી ફંડમાં અમારે આપવાના હોય છે એટલા માટે હપ્તો તો તમારે આપવો જ પડશે નહિતર પરીણામ ભોગવવા માટે તૈયાર રહેજો. અમારા મધ્યાહન ભોજનનાં પ્રમુખ અને નાયબ મામલતદાર(મધ્યાહન ભોજન) આવીને હેરાનગતી કરી રહ્યાં છે અને અમોએ હપ્તા આપવાની ના પાડી એટલે જ અમોને હેરાન કરે છે. ૨૦ ટકા મુજબ રૂા. ૨૫૦૦/-નો હપ્તો કેન્દ્રનાં તમામ સંચાલકો પાસે માંગવામાં આવે છે. જે હપ્તો ન આપે તે સંચાલકનાં કેન્દ્ર ઉપર તપાસ કરવામાં આવે છે અને ખોટી રીતે સસ્પેન્ડ કરી દેવાની ધમકીઓ આપે છે. જેથી અમોને આ ત્રાસમાંથી મુકિત આપવા અને અમારી રજૂઆતને ધ્યાને લઈ યોગ્ય પગલા લેવા અંતમાં માંગ કરેલ છે.

# અમરેલીમાં લેઉવા પટેલ ચેરિ. ટ્રસ્ટ દ્વારા સમૂહલગ્નોત્સવની તડામાર તૈયારીઓ







શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી દ્વારા આયોજિત ૧૫માં સમૂહલગ્ન ઉત્સવની તાડમાર તૈયારી શરૂ આ સમૂહલગ્ન ઉત્સવમાં ૧૯ યુગલો પ્રભુતા પગલા માંડશે. શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી દ્વારા ૧૫માં સમૂહલગ્ન ઉત્સવ અને ૧૩માં વિદ્યાર્થી સન્માન સમારોહનું ભવ્યાતી ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૧૭/૨/૨૦૨૪ને શનિવારના રોજ વિદ્યાર્થી સન્માન સમારંભ આયોજિત થયો છે, તેમાં લેઉવા પટેલ સમાજના ૫૦૦ થી વધુ તેજસ્વી તારલાઓને સન્માનિત કરવામાં આવશે અને તારીખ ૧૮/૦૨/૨૦૨૪ને રવિવારના રોજ ભવ્ય સમૂહલગ્ન ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમૂહલગ્ન ઉત્સવમાં ૧૯ યુગલો પ્રભુતામાં પગલાં માંડશે. આ સમૂહલગ્નને સફળ બનાવવા માટે વિવિધ કમિટીઓના સ્વયંસેવકો દ્વારા અનેક જવાબદારી લેવામાં આવેલી છે, લેઉવા પટેલ સમાજના પ્રમુખ દિનેશભાઈ ડી. ભુવાના માર્ગદર્શન નીચે કોર કમિટી, કારોબારી કમિટી, સલાહકાર કમિટી, તેમજ ટીચર્સ ટીમ, સહકાર કમિટી અને અમરેલી શહેરના વિવિધ વિસ્તારોમાંથી નીમાયેલા કન્વીનર અને સહકન્વીનર દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ લેઉવા પટેલ સમાજના કાર્યક્રમમાં અમરેલી શહેરના તમામ લેઉવા પટેલ પરિવારોને સહ પરિવાર પધારવા ખાસ ભાવભર્યુ આમંત્રણ છે. તેવું લેઉવા પટેલ સમાજની યાદીમાં જણાવેલું છે.

### રખડતા ભટકતા જીવનથી કંટાળીને

# અમરેલીનાં જેશીંગપરામાં રહેતા આધેડે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

## ધારી ખાતે ઝેરી દવા પી લેતા મોતને ભેટયા

અમરેલી, તા. ૧૬

અમરેલીના જેસીંગપરા વિસ્તારમાં રહેતા જીતેન્દ્રભાઈ મોહનભાઈ સોડાગર નામનાં ૫૧ વર્ષિય આધેડ એકલવાયુ જીવન જીવતા હોય અને કોઈ કામ ધંધો પણ કરતા ન હોય અને રખડતુ ભટકતુ જીવન જીવતા હોય જેથી કંટાળી જઈ ગત તા.૧૪/ર ના રોજ ર/૩૦ વાગ્યે ધારી ટાઉનમાં ચલાલા રોડ, મન મંદિર કોમ્પલેક્ષ પાસે કોઈ ઝેરી દવા પી જઈ મરણ ગયાંનું પોલીસમાં જાહેર થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### દેશી-વિદેશી દારૂ બાદ ગાંજાનું દુષણનું વધ્યું

# સાવરકુંડલાનાં મેરીયાણા ખાતેથી સુકો અને લીલો ૪૪૨૦ ગ્રામ ગાંજો ઝડપાયો

## પોલીસે રૂપિયા ૪૯૨૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

અમરેલી, તા. ૧૬

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર આર.ડી. ચૌધરી તથા એસ.જી.ઓ. પોલીસ સબ ઈન્સ્પેકટર એન.બી. ભટ્ટ તથા એસ.ઓ.જી. ટીમને અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા ઈસમોને ઝડપી પાડી યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય. એસ.ઓ.જી. ટીમ સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એ.ટી.એસ. ચાર્ટર લગત પેટ્રોલીંગમાં હતા.

જે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મેરીયાણા ગામના ખેડુત ધીરૂભાઈ ભવાનભાઈ બોદર પોતાની વાડી ખેતરમાં આવેલ ઓરડીમાં કોઈપણ જાતના લાયસન્સ વગર ગેરકાયદેસર માદક પદાર્થ લીલો તથા સુકો ગાંજાના છોડનો જથ્થો રાખી વેચાણ કરતો હોવાની ચોક્કસ અને આધારભુત બાતમી હકિકત અન્વયે સદરહું જગ્યાએ રેઈડ કરતા એક ઈસમને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

મજકુર ઈસમનાં કબ્જા ભોગવટાની વાડી ખેતરની ઓરડીમાંથી ગેરકાયદેસર રીતે માદક પદાર્થ સુકો ભેજયુકત વનસ્પતીજન્ય ગાંજાના મોટા છોડ નંગ-૧૪ તથા નાના છોડ નંગ-૨૭ મળી જે વનસ્પતીજન્ય માદક પદાર્થ ગાંજાના જથ્થાનું કુલ વજન-૪ કિલો ૪૨૦ ગ્રામ જેની કિંમત રૂા. ૪૪,૨૦૦ તથા એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોનની કિંમત રૂા. ૫૦૦૦ મળી કુલ કિંમત રૂા. ૪૯,૨૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવેલ છે અને મજકુર ઈસમને વધુ તપાસ અર્થે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

### ગીર સોમનાથ જિલ્લામાં પોલીસ બેડામાં ભારે ચકચાર ઉભી થઈ

# ઉના : ગીરગઢડા પંથકની વિધવા મહિલા સાથે ર પોલીસકર્મી સહિત ૪ વ્યકિતઓએ દુષ્કર્મ કર્યુ

## પોલીસ વિભાગે ૪ આરોપી હે.કો. સલીમ બ્લોચ, ગીરગઢડા ડી. સ્ટાફનાં મોહન મકવાણા, જીઆરડી હનીફ શામદર અને અન્ય પરેશ ઉર્ફે પકો શીંગડની ગણતરીની કલાકોમાં અટકાયત કરી

ઉના, તા. ૧૬

ઉના પોલીસ સ્ટેશન એએસપી સમક્ષ પીડિત મહિલાએ કરેલ ફરિયાદ મુજબ પોતાના પતિ દેશી દારૂનો ધંધો કરતા હતા અને પોતાના પરિવારનું ગુજરાન ચાલતું હતું. પરંતુ પોતાના પતિનું મૃત્યુ થતાં પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા આ મહિલા પોતે દારૂનો ધંધો કરતી હતી. ત્યારે સલીમ મકરાણી અને મોહન મકવાણા નામના બે પોલીસ હેડ કોન્સ્ટેબલોએ હપ્તો બાંધવા માટે રૂબરૂ મુલાકાત કરેલ. હપ્તો નક્કી કર્યા મુજબ મહિલા તેમને રૂપિયા ચૂકવતી હતી.






ત્યારબાદ આ પોલીસકર્મી જેમાં સલીમ મકરાણી તેમજ મોહન મકવાણા આ મહિલાની નજીક પરિચયમાં આવ્યા અને મહિલાને ફોન કરી જુદી જુદી જગ્યાએ બોલાવતા અને તેમના પર દુષ્કર્મ કરતાં. સલીમ અને મોહન બાદ અન્ય બે વ્યકિત જેમાં 'હનીફ શાહમદાર 'હોમગાર્ડ' અને પરેશ શિંગોડ પણ પોલીસ સાથે પીડિત મહિલાના પરિચયમાં આવતા તેઓએ પણ અલગ અલગ જગ્યાએ આ મહિલા પર દુષ્કર્મ કર્યુ હોવાનું મહિલાએ રૂબરૂ ઉના એએસપી જીતેન્દ્ર અગ્રવાલ સમક્ષ ફરિયાદમાં જણાવ્યું હતું.

મહિલા પોલીસને હપ્તો પણ આપતી સાથે પોતે શારીરિક દુષ્કર્મનો ભોગ પણ બનતી જે પોતે સહન ન કરી શકતા અંતે આ મહિલાએ પોલીસ ફરિયાદ કરી હતી.

ભ્રષ્ટાચારથી વગોવાયેલ ગીર સોમનાથ પોલીસને આજે અમુક

અનુસંધાન પાના ૬ ઉપર

### ફરી વધુ એક વખત SPની કડક કાર્યવાહીની ખાત્રી

ગીર સોમનાથ જિલ્લામાં એસ.પી.ની સીધી નજર હેઠળ કામ કરતી એસઓજી અને એલસીબીમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ સામે છાસવારે ગંભીર ફરિયાદો ઉઠી છે. જેમાં ઉના તોડકાંડ હોય, ઉનાના લિસ્ટેડ બૂટલેગરનો પોલીસ પર લાંચના ખુલ્લા આક્ષેપ સાથેનો વીડિયો ઉપરાંત અનેક કિસ્સામાં એસ.પી.ની ચુનંદા બ્રાન્ચના કર્મચારીઓના નામો સામે આવ્યા છે. પરંતુ યેનકેન પ્રકારે કોઈ નક્કર કે કડક કાર્યવાહી થતી નથી. જેના પરિણામ સ્વરૂપે આવી ઘટનાઓ સામે આવી રહી છે, ત્યારે ફરી વધુ એક વખત જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાએ આવા કર્મચારીઓ વિરૂદ્ધ કડક કાર્યવાહીની ખાત્રી આપી છે.

### સ્થાનિક પોલીસે કરી કાર્યવાહી

# અમરેલીનં પીપળલગ ગામનાં યુવકની વિદેશીદારૂની ૨૦ બોટલ સાથે અટકાયત

## ચમારડી ખાતેથી વિદેશીદારૂ લઈ આવ્યાનું ખુલ્યું

અમરેલી, તા. ૧૬

અમરેલીના પીપળલગ ગામે રહેતા શૈલેષભાઈ ઘોહાભાઈ બસીયાએ પોતાના હવાલાવાળા બાઈક ઉપર ગેર કાયદેસર અને વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારૂની ૭૫૦ મી.લી.ની બોટલ નંગ-૨૦ કિમત રૂા.૬૪૦૦ ની હેરાફેરી કરી કુલ રૂપિયા ૪૬,૪૦૦ ના પ્રોહી મુદામાલ સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જઈ તથા આરોપી કરણભાઈ વાણંદ (રહે.ચમારડી) એ મુદ્દામાલ પુરો પાડી ગુન્હામાં એકબીજાએ મદદગારી કરી ગુન્હો કરતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી ખરીદાયેલ વાહનોની જાળવણીનો અભાવ

# સાવરકુંડલામાં કચરો ભરતા વાહનોની હાલત અતિ દયનીય બની : સ્વચ્છતા અભિયાનમાં વિક્ષેપ

## પાલિકાનાં શાસકોએ બિસ્માર બનેલ વાહનોની મરામત કરવી જરૂરી



(પ્રતાપ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલામાં રોજે રોજ નવા નવા ખાતમુહૂર્ત, ઉદઘાટન થઈ રહ્યાં છે પરંતુ પાછળ પાછળ જે યોજનાઓ ઉદ્‌ઘાટીત થઈ એ થોડો સમય ચાલુ રહી અત્યારે ઠપ પડી છે. ડોર ટુ ડોર કલેકશન વાહનો રીપેરીંગ કરવાના વાંકે ધૂળ ખાઈ રહ્યાં છે. સાવરકુંડલા નગરપાલિકા કચેરીની શાખા સેનીટેશન વિભાગમાં આજરોજ રૂબરૂ તપાસ કરતા ડોર ટુ ડોર કચરો લેવા આવતા વાહનો વોર્ડ નંબર ૩ માં છેલ્લા ૨૦ દિવસથી કચરો લેવા આવેલ નથી. તેથી રૂબરૂ સેનિટેશન શાખાનો સંપર્ક કરતા ડોર ટુ ડોર કચરો લેવા આવતા વાહનો એટલે કે કુલ વાહન ૫ બંધ હાલતમાં છે. તેમના નંબર છે આ નંબર જી.જે.-૧૪ જીએ (૧) ૧૦૨૮ (૨) ૧૦૭૩ (૩) ૦૯૨૭ (૪) ૯૩૨૩ (૫) ૦૯૨૩ સેનીટેશન વિભાગના જવાબદાર કર્મચારીઓ સંપર્ક કરી રૂબરૂ રજૂઆત કરવામાં આવેલ કે વોર્ડ નંબર ત્રણમાં આવેલ શ્રમ જેવી નગર તેમજ આજુબાજુ વિસ્તારમાં ૧૫ થી ૨૦ દિવસથી કચરો લેવા આવતા ડોટ ટુ ડોર આવતા હતા પરંતુ આવતા નથી તેથી કચરો ઘરની અંદર જ એકઠો કરવો પડે અથવા લોકો જાહેરમાં કચરો નાંખવા મજબૂર બન્યા છે. સાવરકુંડલા શહેર આમ આદમી પાર્ટીના ઉપપ્રમુખ દ્વારા વાહન રીપેરીંગ કરી, તાત્કાલીક જે માટે ફાળવવામાં આવ્યાં છે તે શહેરના સ્વચ્છતા મિશન ફકત કાગળ ઉપર ન રહેતા, વાસ્તવિક રીતે જમીની હકીકત બને તેવી રજૂઆત કરવામાં આવેલ છે.

### સારહિ યુથ કલબ દ્વારા સંચાલિત

# અમરેલીની સારહિ લેબોરેટરીની મુલાકાત લેતા પાળીયાદ વિહળધામનાં સંચાલક પૂ. ભયલુબાપુ

## પાલિકા પ્રમુખ બિપિન લીંબાણી, સુરેશ શેખવા, મનિષ ધરજીયા સાથે જોડાયા



અમરેલી, તા. ૧૬

અમરેલીમાં સેવાના ભેખધારી એવા સારહી યુથ કલબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશભાઈ સંઘાણીના અવિરત સેવાના કાર્યોથી સે કોઈ પરિચિત છે.આ સેવાના યજ્ઞમાં અમરેલી શહેરમાં આધુનિક લેબોરેટરી શરૂ કરવામાં આવી છે,અમરેલી શહેરને નગરપાલિકા અને સારહી યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત લેબોરેટરીમાં અમરેલીની જનતા લાભ લે છે.

અમરેલી નગરપાલિકા અને સારહી યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત લેબોરેટરીમાં આજ સુધીમાં હજારો લોકોએ લાભ લીધેલ છે.આ લેબોરેટરીમાં ૫૦ ટકા જેટલા રાહત દરે તમામ પ્રકારની તપાસ કરવામાં આવે છે.તેમજ બહારથી આવેલ ગરીબ દર્દીનારાયણને મફતમાં તપાસ કરવામાં આવે છે. જયારે લેબોરેટરીમાં આવેલ દર્દીનારાયણની સ્થિતિની ખબર પડે તો તુરંત સારહી યુથ ક્લબ ઓફ અમરેલી દ્વારા જે પણ સહાયની ખબર પડે તો તુરંત સારહી તમામ પ્રકારે મદદરૂપ થાય છે.

આ સેવાના કાર્યોથી પ્રભાવિત થઈ સમયે સમયે સંતો,મહાનુભાવો તેમજ વિવિધ સંસ્થાઓ વગેરે સારહી યુથ ક્લબ ઓફ અમરેલીના સેવા સંસ્થાઓની મુલાકાત લેતા હોય છે.આજ ક્રમમાં પાળીયાદના

અનુસંધાન પાના ૬ ઉપર

### ગ્રાહકની જાગૃતત્તાથી કિસ્સો પ્રકાશમાં આવ્યો

# અમરેલીમાં આવેલ સ્ટેશનરી દુકાનમાંથી સરકારી પુસ્તકો ઝડપાતાં ચકચાર મચી

## જો કે મામલો આગળ વધતો અટકાવી દેવાયો

(પ્રતાપ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૧૬

અમરેલીમાં સરકારી પાઠયપુસ્તકોનાં વેચાણનો મામલો સામે આવ્યો છે. અમરેલીની સ્ટેશનરીની દુકાનમાં રાજય સરકાર દ્વારા વિનામૂલ્ય આપવામાં આવતા પાઠય પુસ્તકનું વેચાણ થતું હોવાનો વાલી દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો. વાલી સુરેશભાઈ સુહાગિયા દ્વારા પોતાના બાળક માટે પાઠય પુસ્તકની ખરીદી કરવા ગયેલ હોય તે સમયે વાલીને આ બાબત ધ્યાને આવતા, અમરેલી જિલ્લા શિક્ષણાધીકારીને કોલ કરીને જાણ કરવામાં આવી હતી. ત્યારે સુરેશભાઈ સુહાગિયાએ જણાવ્યું હતું કે, અમરેલી ખાતે આવેલી આ સ્ટેશનરી ખાતે હું મારા દીકરા માટે ધોરણ ૧૦ ના પાઠયપુસ્તકો લેવા આવેલ હોય. ત્યારબાદ પાઠયપુસ્તકની ખરીદી બાદ બિલ બનતું હોય ત્યારે મારે ધ્યાને આવ્યું કે ગુજરાત સરકાર દ્વારા જે વિનામૂલ્યે

અનુસંધાન પાના ૬ ઉપર

### અમરેલી નજીક આવેલ

# લાલાવદર ખાતે જુગાર રમતા ૯ પત્તાપ્રેમીઓ ઝડપાયા

## તાલુકા પોલીસે ૧૨૭૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

અમરેલી, તા. ૧૬

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે તથા અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક જે.પી. ભંડારીનાઓ દ્વારા ડીવીઝન વિસ્તારમાંથી દારૂ તથા જુગારની પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી સફળ રેઈડો કરવા સુચના તથા માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ. આર.જી. ચૌહાણની રાહબરી હેઠળ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ. મેહુલભાઈ વિનુભાઈ મકવાણાની ચોક્કસ બાતમી આધારે લાલાવદર ગામની ગૌશાળાથી વાડીવાળા કાચા રસ્તે જાહેરમાં જુગાર રમતા રમેશભાઈ ગોબરભાઈ મોરવાડીયા (રહે. લાલાવદર) સહિત નવ ઈસમોને રોકડ રૂા. ૧૨,૭૫૦ના મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.


Krishna Dining Hall
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્‌લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૫ જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી. રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨



જોઇએ છે
કોમ્પ્યુટર ઓપરેટર....................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય.............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.



Sheetal ICE CREAM
WE ARE HIRING!
Job Location : Amreli
MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (FEMALE)
DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
SUPERVISOR
(B.A/B.COM) (FEMALE)
WALK-IN TIME
10:00 am to 12:00 pm | 4:00 pm to 6:00 pm
APPLY NOW
+91 9081998018
sheetalhr530@gmail.com
SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)